Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શ્રી ઉપમિતિભવપ્રપંચાકથાનું ભાષાંતર... 'મનોનંદન' ... ... ૨૮૧
૨ શ્રાવકાચાર. ... ... ... આત્મવલ્લભ ... ... ૨૮૪
૩ દ્રવ્યગુણપર્યાય વિવરણ. ... શ્રી શંકરલાલ ડી. કાપડીયા ... ૨૮૬
૪ અલ્લુકૃત ભાવના... મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ ... ... ૨૮૯
૫ અમારી પૂર્વદેશની યાત્રા. ... મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ ૨૯૬
૬ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની ૩૯ મી જયંતીઓ. ... ... ૨૯૮
૭ હિન્દુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. નરોતમ બી. શાહ ... ૩૦૦
૮ વર્તમાન સમાચાર, જયંતિઓ વિગેરે ... ૩૦૪


## "નવું પ્રકટ થતું જૈન સાહિત્ય."

**૨ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત**—બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાના ( સુપરરોયલ આઠ પેજી:સાઇઝ ) ક્રોક્ષલીલેઝર કિંમતિ કાગળો ઉપર મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી સુંદર વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઇંડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત ટકાઉ કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. આવતા માસમાં પ્રકટ થશે.

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ૩૧-૩૨ મા વર્ષની ભેટ.

શ્રી આત્માનંદ પ્રકાશના એકત્રીશ બત્રીશમા વર્ષની ભેટ તરીકે યુરોપીય વિદ્વાન અને જૈનધર્મના પ્રખર અભ્યાસી મી૰ હરબર્ટ વૉરનનો લખેલ "જૈનીઝમ" જૈનધર્મ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દષ્ટિએ ( જીવનના મહાન્ પ્રશ્નોનું જૈનદર્શનથી સમાધાન) તેનું ગુજરાતી ભાષાંતર કરાવી અમારા માનવંતા ગ્રાહકોને આપવાનો છે. જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર લખેલ આ ગ્રંથ મનનપૂર્વક જૈન અને જૈનેતર તેમજ સાક્ષરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવો છે.

પુસ્તક ૩૧ અને ૩૨ ના બે વર્ષના લવાજમના રૂા. ૨-૮-૦ અને વી. પી. ખર્ચના રૂા. ૦-૬-૦ મળી મળી કુલ રૂા. ૨-૧૪-૦ નું અશાડ શુદ ૫ના રોજથી ભેટના પુસ્તકનું વી. પી. કરવામાં આવશે.

બે વર્ષના લવાજમના રૂા. અઢી તથા ટપાલખર્ચના ત્રણ આના મળી કુલ બે રૂપીઆ અગીયાર આનાનું મનીઓર્ડર કરનાર ગ્રાહકોને વી. પી. નહીં કરતાં ભેટની બુક સાદા બુકપોસ્ટથી રવાના કરવામાં આવશે, જેથી વી. પી. ખર્ચનો બચાવ તે બંધુઓને થશે.

વી. પી. નહિં સ્વીકારનાર બંધુઓએ અમોને તુર્તજ લખી જણાવવું જેથી સભાના જ્ઞાનખાતાને નુકશાન તથા પોસ્ટખાતાને ખાલી મહેનત ન થાય.

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ વૈદ્યરાજ જમનાદાસ ચુનીલાલ-વડોદરા ... લાઇફ મેમ્બર.
૨ શેઠ માણેકચંદ કરમચંદ-ભાવનગર ... " "

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"છપાય છે" તાકીદે નામ નોંધાવો.

# त्रिषष्ठिशलाकापुरुष चरित्र

( मूळ—संपूर्ण पर्व. )

## કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કૃત.

મહાન્ પુરૂષોનાં જીવનવૃત્તાંત અને કથાનુયોગનો આ અદ્વિતીય ગ્રંથ જ્ઞાનભંડારો અને પુસ્તકાલયોના શ્રૃંગારરૂપ, સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને આહ્લાદપૂર્વક અભ્યાસ થઇ શકે તેવો, વ્યાખ્યાનકાર મહાત્માઓને ઉપદેશ આપવા યોગ્ય તેનું અક્ષરશઃ સંશોધન કરી સુંદર સ્વરૂપમાં પ્રકટ થાય, તેમ અનેક સાધુ સાધ્વી મહારાજો તરફથી આચાર્ય-મહારાજ **શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને** વિનંતિ થતાં-તેમજ તેઓના શિષ્યરત્ન તપસ્વીજી શ્રી વિવેકવિજયજી મહારાજના શિષ્ય-રત્ન પંન્યાસજી શ્રી ઉમંગવિજય મહારાજના સુશિષ્ય મુનિરાજ શ્રી ચરણવિજયજી મહારાજની હાર્દિક ઇચ્છા આ ગ્રંથ શુદ્ધ રીતે પ્રકટ થાય તેમ થતાં, તેઓશ્રીની પ્રાર્થના થતાં આચાર્ય શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મહારાજે કૃપા કરી આ ઉત્તમ કાર્ય પોતાના હાથમાં લીધું છે; જેથી તેઓશ્રીની દેખરેખ નીચે પ્રાચીન તાડપત્રની તેમજ અન્ય પ્રતોની સાથે મેળવીને શુદ્ધ સંશોધન કરીને બહાર પડશે. આ ગ્રંથ ઉંચા બેંકપેપર ઉપર (કે જે કાગળો કપડા અને શણના માવાથી બનતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાથી અને સો વર્ષ કરતાં વધારે મુદ્દતના ટકાઉપણા માટે ખાત્રી કરેલ હોવાથી તેના ઉપર ) મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં તેના માટે ખાસ તૈયાર કરાવેલ શાસ્ત્રી ટાઇપમાં છપાવી, સુંદર અને મજબૂત કપડાના બાઇંડીંગથી અલંકૃત કરીને અમારા તરફથી પ્રકટ થશે. બનશે ત્યાં સુધી પ્રત અને બુક બંને સાઇઝમાં પ્રગટ કરવા અમારી ઇચ્છા છે. વળી જેટલી જેટલી આ ગ્રંથમાં આર્થિક સહાય મળશે, તેટલી તેટલી કિંમત ઓછી કરી મતલબ કે (પૈસા વધારે ઉપાર્જન કરવાનો કે હાંસલ કાઢવાનો બીલકુલ ઇરાદો નહીં હોવાથી, તેમ અન્યની જેમ બમણી, ત્રણગણી કે ચારગણી કિંમત નહિં રાખતાં ) આ અપૂર્વ સાહિત્ય ગ્રંથનો લાભ ઓછી કિંમતે સર્વ કોઇ લઇ શકે, તેમજ તેનો બ્હોળો પ્રચાર કેમ વિશેષ થાય તેવી પ્રમાણિકદષ્ટિ અને ઉપરોક્ત શુભ આશય ધ્યાનમાં રાખી તેની યોગ્ય કિંમત રાખવામાં આવશે. જેના પુરાવા તરીકે હાલમાં પ્રકટ થયેલ શ્રી વસુદેવહિંડિ, શ્રી બૃહત્કલ્પ અને પ્રાચીન તેમજ શ્રી દેવેન્દ્રસૂરિકૃત કર્મગ્રંથ વગેરે કે જે ગ્રંથો મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજની કૃપા અને સુપ્રયત્નવડે આ: સભા પ્રકટ કરી શકી છે તેમ આ ગ્રંથમાં પણ એ મહાત્માઓનો સહકાર છે. ગ્રંથનું કાર્ય શરૂ થયું છે જેથી મુનિમહારાજાઓ, જ્ઞાનભંડારના વહીવટકર્તા બંધુઓ અને સાહિત્યજિજ્ઞાસુ બંધુઓને ગ્રાહક તરીકે પોતાનું નામ નીચે લખેલા સ્થળે નોંધાવવા વિનંતિ છે. ઓછી કિંમતે મળનારા આ ગ્રંથનો લાભ પાછળથી કે પ્રમાદમાં રહેવાથી નહિં મળી શકે તે લક્ષમાં રાખવા નમ્ર સૂચના છે.

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु। कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत्॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य—सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४६०. जेठ. आत्म सं. ३९ { अंक ११ मो.

## મહાત્મા શ્રી સિદ્ધર્ષિપ્રણીત ઉપમિતિ ભવપ્રપંચાકથાનું સપદ્ય–ગદ્ય ભાષાંતર.

### રંક પર બળાત્કારે ઔષધ પ્રયોગઃ અંજન અને જલનો પ્રભાવ.

અનુષ્ટુપ્—

તેણે લઇ [1]શલાકા ને, મૂકી અંજન અગ્રમાં;
રંક [2]ગ્રીવા ધૂણે તોય, આંજ્યા લોચન તેહના. ૨૧૪

૧. સળી ૨. ડોક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલિની.

અંજનનો પ્રભાવ—

[3]પ્રમુદક શીતતા[4] ને શ્રેષ્ઠ ગુણ પ્રભાવે,
તરતજ પછી તેની ચેતના પાછી આવે;
ક્ષણમહિં ખુલી આંખો રોગ વિનષ્ટ જાણે!
મુદિત મન જરા તે 'એહ શું ?' એમ માને. ૨૧૫-૨૧૬

તદપિ હીનની ચિન્તા ભીખ રક્ષાર્થ ત્યારે,
ન જ દૂર થતી [5]પૂર્વાધ્યાસથી કો પ્રકારે;
"અરર ! [6]વિજન વર્ત્તે, લુંટ'શે એહ" માને !
ફરી ફરી દિશ દિશે દૃષ્ટિ દે નાશવાને. ૨૧૭-૨૧૮

અંજન વસથી તેને ચેતના પ્રાપ્ત ભાળી,
[7]ઇતર પુરૂષ બોલ્યા વાણી મીઠી રસાળી,

જલપાનનું નિમંત્રણ—

"ભવિક! [8]ઉદક પી આ તાપને ટાળનારૂં,
તુજ [9]તનુતણી જેથી સ્વસ્થતા થાય ચારુ". ૨૧૯-૨૨૦

'પણ જલથી થશે શું ? જાણું ના' એ સશંક
નથી ઉદક પીવા તે ઇચ્છતો મૂઢ' રંક!!
બલથકી [10]હિતતાથી મુખ તેનું ઉઘાડયું,
કરુણ હૃદયવાળે તે અનિચ્છયે ગળાવ્યું. ૨૨૧-૨૨૨

જલપાનનો પ્રભાવ—

અતિ અતિ ગુણકારી સાવ સંતાપહારી,
પરમ પરમ ભારી ચિત્ત આહ્લાદ કારી;
અમૃત સમ વળી તે શ્રેષ્ઠ સુસ્વાદવંત,
શીતલ સલિલ પી જાણે થયો સ્વસ્થ રંક. ૨૨૩

૩. પ્રમોદ ઉપજાવે એવી. ૪. શીતલતા, ઠંડક. ૫ પૂર્વ અભ્યાસથી–સંસ્કારથી. ૬. 'અરે! આ તો નિર્જન સ્થાન છે, આ પડાવી લેશે તો!' એમ રંકને શંકા થાય છે!! ૭. તે બીજા પુરૂષ, ધર્મબોધકર. ૮. જલ. ૯. શરીર. ૧૦. હિતસ્વીપણાથી, તે રંકનું હિત કરવાની ઇચ્છાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી—

દોહરા.

[૧૧]નષ્ટપ્રાય ઉન્માદ ને, નરમ અન્ય [૧૨]આતંક;
[૧૩]દાહ આર્ત્તિ દૂરે ટળી,—ક્ષણમાં એવો રંક.[૧૪] ૨૨૪

વિમલ ચેતના કાંઈ ને, પ્રસન્ન ઇંદ્રિય ગ્રામ;
એવો દીન તે ચિંતવે, સ્વસ્થ આત્મથી આમ. ૨૨૫

(૧૨)

## રંકની ઉપકાર ચિંતવના: છતાં કદન્નમાં ગાઢ મૂર્ચ્છા.

મન્દાક્રાન્તા.

"આહા! જે [૧૫]વત્સલ અતિ જ છે આ મહાત્મા ઉદારા,
કલ્પ્યા તેને ઠગ, અધમ રે! મેં મહા મોહદ્વારા;
તેણે આંજી નયન મુજ [૧૬]દુર્દૃષ્ટિતા દૂર ટાળી,
પાણી પાઈ પરમ મુજને સ્વસ્થતા ઉપજાવી. ૨૨૬–૨૨૭

તેથી આ તો મહત્ ઉપકારી, હું શો ઉપકારી?
તેને મોટા મન વિણ ન વસ્તુ પ્રવર્ત્તાવનારી;"
ચિન્તે એવું તદપિ તસ મૂર્ચ્છા કૂડા અન્નમાંથી,
કોઇ રીતે નથી દૂર થતી ગાઢ [૧૭]ભાવિતતાથી!!! ૨૨૮–૨૨૯

'મનોનંદન'

---

૧૧. લગભગ નષ્ટ, નષ્ટ જેવો. ૧૨. રોગ. ૧૩. દાહપીડા–શરીરે થતી બળતરા દૂર થઇ. ૧૪ ઇંદ્રિય સમૂહ, સર્વ ઇંદ્રિયો. ૧૫. અત્યંત પ્રેમાળ. ૧૬. દૃષ્ટિનું દુષ્ટપણું, દુષ્ટ દૃષ્ટિપણું, ખરાબ નજર. ૧૭. તે કદન્ન તેને ખૂબ ભાવી ગયું હોવાથી, તેમાં તેને ગાઢ લુબ્ધતા હોવાથી, તે પ્રત્યેની તેની મૂર્ચ્છા દૂર થતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવક આચાર.

( ગતાંક પૃષ્ઠ ૧૯૦ થી શરૂ )

મૂર્ખ, દુષ્ટ, અનાચારી, મલિન, ધર્મની નિંદા કરનાર, દુઃશીલ, લોભી અને ચોર એવા જનોની કદિ પણ સોબત કરવી નહિં.

**મૂર્ખના ચિન્હો**—અજાણ્યાની પ્રશંસા કરવી, અજાણ્યાને પોતાના ઘેર રહેવાનું સ્થાન આપે, અજાણ્યા કુળ સાથે સંબંધ કરે, અજાણ્યા નોકરને રાખે, પોતાના કરતાં ચઢીયાતા વડિલ ઉપર કોપ કરે, પોતાના કરતાં બળ-વાન શત્રુ સાથે વિરોધ કરે, પોતાનામાં ન હોય તેવા ગુણનો ગર્વ કરે અથવા ગુણીજન સાથે વિવાદ કરે, પોતાનાથી ઉંચા દરજ્જાના નોકર રાખે, ઉધાર કરી રણમુકત થવા ઇચ્છે, નોકરોનો દંડ પચાવી જાય, દુઃસ્થિતિમાં પૂર્વે ઉપાર્જન કરેલ ધનની પ્રશંસા કરે, પોતે પોતાના ગુણના વખાણ કરે, દેવું કરીને ધર્મ આચરે, ધન છતાં ત્યાજ્ય વસ્તુ આપે, પોતાના સ્વજનો સાથે વિરોધ અને વિરોધીઓ સાથે સ્નેહ બાંધે, પોતે બોલીને હસે, જેનું તેનું જે તે ખાય અને જેમ તેમ બકવાદ કરે એ આલોક અને પરલોક વિરૂદ્ધ મૂર્ખ લક્ષણો છે તે ત્યાજ્ય છે.

દેશ-કાળની વિરૂદ્ધ આચારનો ત્યાગ કરતા ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું વળી રાજાના વિરોધીઓનો સંગ ન કરવો તથા ઘણા લોકોની સાથે વિરોધ ન કરવો.

પોતાની સમાન કુળ-શીલવાળાં અન્યગોત્રીય સાથે વિવાહ સંબંધ કરે તથા પોતાના સ્વજનો સાથે જ્યાં સારા પાડોશીઓ હોય તે સ્થાને નિવાસ કરે.

જ્યાં પરાભવ ઉપદ્રવ થાય તેવું સ્થાન તજે, આવક પ્રમાણે ખર્ચ રાખે, પોતાની સ્થિતિ પ્રમાણે વેષ ધારણ કરે; પરંતુ લોકવિરૂદ્ધ કામ ન કરે.

પોતાના ધર્મને ન મૂકતા શ્રાવક દેશાચાર પ્રમાણે વર્તે અને પોતાના બળાબળ સમજી વિશેષ હિતાહિતનો ખ્યાલ રાખે.

ઇંદ્રિયોને સારી રીતે નિયમમાં રાખી દેવ-ગુરૂ પર અત્યંત ભક્તિભાવ ધરાવે, તેમ જ સ્વજન, દીન અને અતિથિ ( સાધુસંત ) ની યથાશક્તિ સંભાળ લે તેની બરદાસ કરે.

ચતુરજનો સાથે બુદ્ધિપૂર્વક વિચાર ચલાવતાં શ્રાવક અમુક વખત શાસ્ત્ર ભણવા અ' ' સાંભળવામાં ગાળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નસીબ ઉપર આધાર રાખી બેસી ન રહેતાં ધન ઉપાર્જનના ઉપાય હાથમાં લે, કારણ કે ઉદ્યમ વગર પુરૂષોનું ભાગ્ય કદાપિ ફળતું નથી. સુજ્ઞ શ્રાવકે શુદ્ધ વ્યવહારથી નિરંતર પોતાનો વેપાર ચલાવવો. ખોટા માપ, ખોટા તોલા કે ખોટા લેખનો ત્યાગ કરવો. અંગાર, વન, ગાડાં, ભાડા, વગેરે, તથા પૃથ્વી ફોડાવવાનું એ પાંચ કર્મ, દાંત, લાખ, રસ, કેસ અને વિષ એ પાંચ વેપાર તથા યંત્રપીલણ, નિર્લાંછન (પશુને ખસી કરવાનું,) દુષ્ટપાલન, દવદાન (વન બાળવાનું) તથા તલાવ સૂકવવાનું એ પંદર કર્માદાન વેપાર બીલકુલ કરવા નહિં. લોખંડ, મહુડાના ફૂલ, મદિરા, મધ, કંદમૂળ અને પત્રશાખાદિનો વ્યાપાર કરવો નહિં.

ફાગણ માસ ઉપરાંત તલ કે અળશી રાખે નહિં. વર્ષાઋતુ આવે છતે ગોળ, ટોપરા વગેરે રાખવા નહિ કેમકે તેમ રાખવાથી--સંગ્રહ કરવાથી ત્રસાદિ જીવોનો સંહાર થાય, તેથી સુબુદ્ધિવંત શ્રાવક લોભવશ બની તે વસ્તુનો સંચય કરે નહિ રાખે નહિં.

વર્ષાઋતુમાં ગાડું બળદ હંકાવે નહિ, કૃષિકર્મ (ખેડ) પણ પ્રાયે કરાવે નહિ કારણ કે તેમાં પણ ઘણા જીવોની હિંસા થાય છે.

વ્યાજબી મૂલ્ય મળતાં (અલ્પ લાભે) વસ્તુ વેચવી, પરંતુ અધિકાધિક લાભની ઇચ્છા ન કરવી; કારણ કે વધુ લાભ મેળવવા જતાં કોઈ વખત મૂળનો નાશ થાય છે.

મોટો લાભ છતાં ઉધારે ન આપવું અને ઘરેણું કે મકાન સામે લીધા વગર ધન વ્યાજે ન આપવું.

ધર્મના રહસ્યને જાણનાર શ્રાવક જાણતાં છતાં ચોરીનો માલ ગ્રહણ કરે નહી અને તે વિચારક પુરૂષે વ્યાપારમાં સેળભેળ કરીને કે બદલીને વેચવી નહીં.

ચોર, ચંડાળ, ધૂર્ત, મલિન અને પતિતજનોની સાથે આલોક કે પરલોક સંબંધી હિત ઇચ્છનાર શ્રાવકે વ્યવહાર કે વેપાર કરવો નહિં. પોતાની વસ્તુ વેચતાં પાપભીરૂ સજ્જને જે ભાવે ખરીદેલ હોય તેનાથી બીજો ભાવ ન કહેવો, તેમજ બીજાની વસ્તુ લેતાં પોતાના વચનનો લોપ (પોતે કરેલ કરારથી વિરૂદ્ધ) ન કરવો. નજરે જોયા સિવાય અણદીઠેલ વસ્તુનું સાટું તેમજ પરીક્ષા કર્યા વિના સુવર્ણ રત્નાદિક કિંમતિ વસ્તુ પ્રાયઃસુજ્ઞજન ગ્રહણ ન કરે.

પોતાનું સ્વતંત્રપણું સાચવી રાખી સુજ્ઞપુરૂષ યથાયોગ્ય રાજાદિકને અનુસરે, કારણ કે રાજાના પ્રતાપ વિના અનર્થ કે આપત્તિનું નિવારણ થતું નથી.

સુજ્ઞજને તપસ્વી, કવિ, વૈદ્ય, ગુપ્તવાત જાણનાર, રસોયો, માંત્રિક અને પૂજ્યને કદિ કોપાયમાન ન કરવા, કેમકે તેમને કોપાવવાથી આપણું અનિષ્ટ થાય છે. (ચાલુ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દ્રવ્યગુણપર્યાય વિવરણ.

લેખકઃ—શંકરલાલ ડાહ્યાભાઇ કાપડિયા.

( અનુસંધાન પુ૦ ૩૧ માના અંક સાતમાના પૃષ્ઠ ૧૭૧ થી શરૂ )

## નયાધિકાર.

સૂચનઃ—ઉપરોક્ત વિષય પરત્વે થોડું પ્રાસ્તાવિક આલેખી બાકીનો વિષય પછી લખવામાં આવ્યો છે.

### પ્રાસ્તાવિક

**પ્ર૦** નયનું સામાન્ય લક્ષણ શું ?

ઉ૦ કોઇપણ વિષયનું સાપેક્ષપણે નિરૂપણ કરનાર વિચાર તે નય.

**પ્ર૦** શ્રુત અને નયમાં તફાવત શો છે ?

ઉ૦ આ બન્ને વિચારાત્મક જ્ઞાન છે ખરાં છતાં બન્નેમાં તફાવત છે, તે એ કે કોઇ પણ વિષયને સર્વાંશે સ્પર્શ કરનાર વિચાર તે શ્રુત અને તે વિષયને માત્ર એક અંશે જ સ્પર્શ કરી બેસી રહેનાર વિચાર તે નય.

**પ્ર૦** નયનું નિરૂપણ શ્રુતપ્રમાણથી છૂટું પાડવાનો ઉદ્દેશ શો ?

ઉ૦ કોઇ પણ વિષય પરત્વે અંશે અંશે વિચાર ઉત્પન્ન થઇને જ છેવટે તે વિશાળતા કે સમગ્રતામાં પરિણમે છે. જે ક્રમે વિચાર ઉત્પન્ન થાય છે તે જ ક્રમે તત્ત્વબોધના ઉપાય તરીકે તેનું વર્ણન કરવું જોઇએ એમ માનતાં સ્વાભાવિક રીતે જ નયનું નિરૂપણ શ્રુતપ્રમાણથી જુદું કરવાનું પ્રાપ્ત થાય છે.

તત્ત્વાર્થ ( પં. સુખલાલજી )

× × × ×

**પ્ર૦** અનેકાંતમાર્ગનું સ્પષ્ટીકરણ શાથી થઇ શકે ?

ઉ૦ અનેકાંતનું સ્પષ્ટીકરણ નયોના નિરૂપણથી જ થઇ શકે.

**પ્ર૦** આ જગત્ કેવું છે ?

ઉ૦ જગત્ એ કાંઇ કોઇ પણ જાતના ઐક્ય વિનાનું માત્ર છૂટાછૂટા અંકોડાની પેઠે ભેદરૂપ નથી તેમ જ જરા પણ ભેદને સ્પર્શના હોય તેવું અખંડ અભેદરૂપ પણ નથી; પરંતુ તેમાં ભેદ અને અભેદ બન્ને વસ્તુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવાય છે. જ્યારે દ્રષ્ટિ વસ્તુઓના પરસ્પર ભેદને મૂકી કેવળ તેમના અભેદને અવલંબી પ્રવર્તે છે ત્યારે તેને બધુંયે કેવળ સતરૂપ ભાસે છે અને સત્‌ગ્રાહકદ્રષ્ટિ ગમે તેટલી વિશાળ હોય છતાં લેવું–મુકવું આદિ લોકવ્યવહાર તે ભેદને આભારી છે તેથી જ્યારે જ્યારે કોઇ પણ વ્યવહાર કરવાનો હોય છે ત્યારે દ્રષ્ટિ કોઇ ભેદ તરફ ઢળે છે. પર્યાયાર્થિક નયની દ્રષ્ટિમાં જગતમાં બધા પદાર્થો નિયમથી ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે અને દ્રવ્યાર્થિક નયની દ્રષ્ટિમાં બધી વસ્તુ હંમેશને માટે ઉત્પત્તિ અને નાશ વિનાની છે.

સન્મતિ પ્રકરણ ( પં સુખલાલજી.)

નૈગમનયમાં વિશેષતા ( અન્ય પુસ્તકથી )

પ્ર૦ નૈગમનયનું સામાન્ય સ્વરૂપ કહો.

ઉ૦ સામાન્ય તે જાતિ વિગેરે અને વિશેષ તે ભિન્ન ભિન્ન વ્યક્તિ એમ ઉભયને નૈગમનય માને છે. સામાન્ય ધર્મથી સેંકડો વ્યક્તિઓમાં એકતા બુદ્ધિ પેદા થાય છે અને વિશિષ્ટ ધર્મથી દરેક વ્યકિત ભિન્નભિન્ન ઓળખી શકાય છે. મતલબ કે વિશેષ વિના સામાન્ય નથી અને સામાન્ય વિના વિશેષ નથી. એમ નૈગમનય માન્ય રાખે છે. એ નય અંશગ્રાહી હોવાથી એક દેશને પણ પૂર્ણ માની લે છે. જેમકે દરેક સંસારી જીવના આઠ રૂચક પ્રદેશ નિર્મળ ( સિદ્ધ ભગવાનના જેવા શુદ્ધ ) હોવાથી નૈગમનયે સંસારીજીવ પણ સિદ્ધ સમાન છે.

× × × ×

નૈગમનય સામાન્ય અને વિશેષ વિગેરે જ્ઞાનવડે વસ્તુને માને નહિ પણ સામાન્ય વિશેષવડે વિગેરે અનેક રૂપથી વસ્તુને માને તે નૈગમનય કહેવાય છે. દાખલા તરીકે કોઈ પૂછે કે તમો કયાં વસો છો ? ત્યારે કહે કે અમો ભરતખંડમાં વસીએ છીએ. ત્યારે કહે કે તમો કયાં દેશમાં વસો છો ? ત્યારે કહે કે હું ગુજરાતમાં રહું છું. આમ નૈગમનય સામાન્ય વિશેષવડે વિગેરે જ્ઞાનવડે વસ્તુને માને નહિ પણ ઉપર લખ્યું તેમ સામાન્ય વિશેષ વિગેરે અનેક રૂપથી વસ્તુને માને છે. સામાન્ય તે વિશેષ થાય છે વળી વિશેષ તે સામાન્ય થાય છે. આમ સામાન્ય વિશેષના અનેક રૂપથી વસ્તુને માને છે. વળી આ નય અંશગ્રાહી હોવાથી દેશ ( ખંડ ) ને પણ સંપૂર્ણ સત્ય માની લે છે. વળી આ નય સંકલ્પ–વિકલ્પને ભજનારો છે તેથી કલ્પનાથી પણ વસ્તુનો વ્યવહાર કરે છે અને એ રૂપે નહિ પરંતુ ઉપર કહ્યું તેમ અનેક રૂપે વસ્તુને માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આગળના અંકથી બાકી રહેલો ભાગ

**પ્ર૦ નૈગમનયનો બીજો ભેદ કયો** તે દ્રષ્ટાંત આપી સમજાવો.

ઉ૦ નૈગમનયનો બીજો ભેદ ભવિષ્યનૈગમ છે. તે ભાવી વાતને ભવિષ્યમાં થવાનું હોય તેમાં થઇ ગયાનું આરોપણ કરે છે. જો કે જીનેશ્વર કેવળી ભગવાન છે અને તેઓ સિદ્ધ થવાના છે એમ નક્કી છે, તેથી તેઓને સિદ્ધ થયા અગાઉ સિદ્ધ કહી શકાય છે. તેથી બીજો નય ભૂતવત્ ભાવિ નૈગમનય સિદ્ધ થાય છે. વળી ચોખા પૂરા ન રંધાયા હોય તોએ રંધાયા કહેવા.

## નૈગમનયનો ત્રીજો ભેદ.

**પ્ર૦**—નૈગમ નયનો ત્રીજો ભેદ દૃષ્ટાંત સહિત સમજાવો.

ઉ૦—નૈગમનયનો ત્રીજો ભેદ વર્તમાન નૈગમ કહી શકાય છે. ભાવિમાં વર્તમાનનું આરોપણ કરવું અર્થાત ક્રિયા શરૂ થઇ ના હોય છતાં તેની તૈયારી જોઇ કહેવું કે થઇ છે, તેને વર્તમાન નૈગમ કહે છે. દાખલા તરીકે તેરમા ગુણસ્થાને વર્તતા એવા કેવળીને વર્તમાનસિદ્ધ તરીકે કહી શકાય છે.

## ( ૨ ) સંગ્રહ નય.

**પ્ર૦**—સંગ્રહ નયની વ્યાખ્યા કહો.

ઉ૦—જે વિચાર જુદી જુદી અનેક પ્રકારની વસ્તુઓને અને અનેક વ્યક્તિઓને કોઇ પણ જાતના સામાન્ય તત્ત્વની ભૂમિકાપર ગોઠવી એ બધાંને એક રૂપે સંકેલી લે છે તે સંગ્રહનય છે.

**પ્ર૦**—તેની વિશેષ સમજણ આપો.

ઉ૦—જડ-ચેતનરૂપ અનેક વ્યકિતઓમાં જે સદ્રૂપ સામાન્ય તત્ત્વ રહેલું છે તે તત્ત્વ ઉપર નજર રાખી બીજા વિષયોને લક્ષ્યમાં ન લેતાં એ બધી વિવિધ વ્યકિતઓને એક રૂપે સમજી એમ વિચારવું કે વિશ્વ બધું સદ્રૂપ છે કારણ કે સત્તા વિનાની કોઇ વસ્તુ જ નથી ત્યારે તે સંગ્રહનય. એજ પ્રમાણે કપડાંની વિવિધ જાતો અને વ્યકિતઓને લક્ષ્યમાં ન લઇ માત્ર કપડાંપણાનું સામાન્ય તત્વ નજર સામે રાખી વિચારવું કે આ સ્થળે એક કાપડ જ છે તે સંગ્રહનય છે.

સંગ્રહનયના સામાન્ય તત્ત્વ પ્રમાણે ચઢતાં–ઉતરતાં અનંત દાખલાઓ કલ્પી શકાય. સામાન્ય જેટલું વિશાળ તેટલો તે સંગ્રહનય વિશાળ અને સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અલ્લુકૃત ભાવના.

ગતાંક પૃષ્ઠ ૨૩૭ થી શરૂ.

( સંશોધક અને સંગ્રાહક—મોહનલાલ દલીચંદ દેશાઇ, એડવોકેટ—મુંબઇ )

**બાલાવબોધ.** ( ચાલુ ભાષામાં મૂકેલ છે )

॥ ૯૦ ॥ શ્રી પરમગુરવે નમઃ ॥

**नमः श्रीवर्धमानाय पार्श्वचंद्रं च सद्गुरून् ।**
**अल्लुकृतभावनायां टबार्थो लिख्यते मया ॥ १ ॥**
**यद्यपि सुगमसुदेशीभाषामर्थं च लभ्यते प्रगट–**
**स्तदपि हि मंदमति स्यात् मत्सदृशः कोऽपि तस्यार्थे ॥ २ ॥**

---

માન્ય જેટલું નાનું તેટલો તે સંગ્રહનય ટુંકો, પણ જે જે વિચારો સામાન્ય તત્ત્વને લેઇ વિવિધ વસ્તુઓનું એકીકરણ કરવા તરફ પ્રવર્ત્તતા હોય તે બધા જ સંગ્રહનયની શ્રેણીમાં મૂકી શકાય. તત્ત્વાર્થ ( પં. સુખલાલજી )

## દ્રવ્યગુણપર્યાયના રાસના આધારે સંગ્રહનયનું સ્વરૂપ.

જે સંગ્રહે તે સંગ્રહનય કહેવાય. તેના સામાન્ય અને વિશેષ એવા બે ભેદ છે. સઘળા દ્રવ્ય અવિરોધ સ્વભાવવાળા છે એમ કહેવું તે સામાન્ય સંગ્રહ. દાખલા તરીકે ધર્માસ્તિકાય આદિ છએ દ્રવ્ય એક બીજાની સાથે અવિરોધીપણે વર્તે છે અને જ્યારે આ દ્રવ્યમાંથી અમુક દ્રવ્ય દાખલા તરીકે જીવ દ્રવ્ય લઇને કહેવું કે એકેન્દ્રિય, બેઇંદ્રિય આદિ સઘળા જીવ અવિરોધી સ્વભાવ-વાળા છે ત્યારે વિશેષ સંગ્રહ કહેવાય છે. સામાન્ય માત્રને ગ્રહણ કરવાવાળું જે જ્ઞાન તે સંગ્રહ કહેવાય. એટલે જેમાં સંપૂર્ણ વિશેષોનું રહિતપણું હોય તે સામાન્ય કહેવાય. અથવા જે એકીભાવથી પિન્ડીભૂત વિશેષ સમૂહને ગ્રહણ કરે તે સંગ્રહ સમજવું. એવા સંગ્રહનયના ઉપર કહ્યા તેમ બે ભેદ બતાવ્યા છે. તેમાં એક (૧) પરસંગ્રહ અને બીજો (૨) અપરસંગ્રહ. તેમાં જે સંપૂર્ણ વિશેષોથી ઉદાસીન રહીને માત્ર સત્તાને જ શુદ્ધ દ્રવ્ય માને તે પરસંગ્રહ કહેવાય છે. દાખલા તરીકે સંસાર સતપણાના લીધે એક છે. તાત્પર્ય એવું છે કે પર-સંગ્રહમાં એક સતરૂપપણાને ગ્રહણ કરવાથી જગતના સંપૂર્ણ પદાર્થનું ગ્રહણ થાય છે અને સંગ્રહનયના અનુસારે આ સંપૂર્ણ વિશ્વ સતરૂપથી એક કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વીતરાગ દેવને નમસ્કાર કરીને અથ કહેતાં હવે અવધુ કહીએ આત્મા, તેહની કીર્તિ કહેતાં ગુણનું કહેવું, એટલે આત્માના ગુણ, અવદાત, વૃત્તાંત, ભાવનાસંબંધ લખીએ છીએ. ભાવના વિના આત્મવૃત્તાંત સંબંધ ગુણપ્રબંધ ન પામીએ, અને ભાવના વિચાર-તત્ત્વ ચિંતવનાધ્યવસાય, શુભ લેશ્યા પરિણામ શુદ્ધોપયોગે જીવાજીવાસ્રવ સંવર નિર્જરા બંધ મોક્ષાદિ તત્ત્વ-પદાર્થ તથા દ્રવ્ય ગુણ પર્યાય સ્વપર સમયાદિ અનેક ભેદ પામીએ; તે માટે ૧૨ ભેદે ભાવના લખીએ છીએ એ સંબંધ. તત્ર પહેલી અનિત્ય ભાવના ભાવે છે. અનિત્ય ભાવનાએ નિત્યાનિત્યપણું જાણીએ. નિત્યાનિત્યપણું જાણતાં ષટ્ દ્રવ્યને વિષે દ્રવ્ય અને પર્યાય એ બે નય જાણીએ. તિહાં દ્રવ્ય વિષે નિત્ય-પણું, પર્યાય વિષે અનિત્યપણું,-એ બે ઉપયોગ થયા.

ધ્રુવ કહેતાં શાશ્વત નિત્યપણું, વસ્તુ કહીએ પદાર્થ-બહુ દ્રવ્ય વિષે, નિશ્ચલ-અચલ-નિજનિજરૂપે અચ્યુતપણું છે; સદા કહેતાં અતીત, અનાગત અને વર્ત્તમાન વિષે, અધ્રુવ કહેતાં પદાર્થ તેહનાં પરજાવ કહીએ પર્યાય એટલે દ્રવ્યાર્થ પર્યાયાર્થિક નયે વસ્તુ વિચાર જાણવો.

સંસારમાંહિ સ્કંધાદિકનાં જે રૂપ દેખીએ છીએ તે સર્વ પુદ્‌ગલ દ્રવ્યના વિભાગપર્યાય જાણવા અને એહ જ પુદ્‌ગલપર્યાય ઔદારિક, વૈક્રિય, આહારક, મનોવાક્ કાયાદિ વર્ગણારૂપ સ્કંધ તે આત્મપ્રદેશે એક ક્ષેત્રાવગાહનયોગે વાસ્યા-આત્મપણે માની સ્વપ્રદેશે પરિણમાવ્યા એ અશુદ્ધચેતના. તે ચેતનાના વિભાવપર્યાય. વલી તેહ જ નિત્યાનિત્યપણું દ્રવ્યપર્યાય આદિ ભેદે કહે છે. ૧

અહો જીવ શુદ્ધ સત્તાવંત સ્વભાવ સુલક્ષણવંત રત્નત્રય, અનંતચતુષ્ટય આદિ સ્વલક્ષણવંત ! 'તું આજ મુઝને પ્રતિભાસિઓ-એટલે મેં આજ સમય લબ્ધિયોગે સમ્યક્ત્વની ઉત્પત્તિ સમયે જાણ્યું; અને આ ઇંદ્રિયયોગ પ્રત્યક્ષ જે પરપરિણતિ પર્યાયરૂપ પરિગ્રહ, તે અહો જીવ ! પરદ્રવ્ય પર્યાય જાણજે. તે ઔદારિક આદિ દેહ પુદ્‌ગલરૂપ પરદ્રવ્ય પર્યાયની માંહે કોઈ સત્ય બોલે તે શું જાણીને ?-તે કહે છે. 'પહિચાની' કહેતાં ઓળખી-જાણી-દેખીને. શું દેખી ? કૃત કર્મ પરિણતિનો ભેદ; આત્મા સ્યું-આત્માથી ન્યારો શુદ્ધાત્મ દ્રવ્યોપયોગરૂપ વેદન-જ્ઞાનસૂર્યનો પ્રકાશ ઉદય કરે છે. વલી તે અંતરાત્મા સંસારમાંહિ રહે છે. તે કેમ રહે છે ? તે દૃષ્ટાંત દેખાડે છે. જેમ ધાઈ-માતા સ્વ-પર સંતાન પાળે છે-સ્વ પર સંતાનની ભેદબુદ્ધિ છે અને બાહ્ય વૃત્તિ સરખું જલ્પન લાલીપાલી સુશ્રૂષા સ્નાન વિલેપનાદિ કરે છે, પરં અંતરંગતિ હેત-આપાપર બુદ્ધિમાં અધ્યવસાય વિષે સામાન્ય વિશેષ સ્નિગ્ધ રૂક્ષ પરિણામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્યાય વિષે સંખ્યાત અસંખ્યાત ગુણ હાણિ-વૃદ્ધિ જાણવી, તદ્વત્ જીવતવ્યને સંબંધે દેહ પોષી, પણ ભિન્નત્વપણાની બુદ્ધિ માટે, મરણનો ભય તેહને તે અપર બાળકનો નથી, ત્યમ સમ્યક્ત્વી જીવ અ(એ)ક સંબંધે શરીર પાલે. પરં અંતર ભિન્ન. ૨

હવે નિત્ય અશરણ એ બે ઉપયોગ થયા ત્યારે દ્રવ્યકર્મફલચેતના, ભાવકર્મ ફલચેતના રૂપે દ્રવ્ય સંસાર, ભાવ સંસાર એ જાણ્યા ત્યારે સંસાર ભાવના ઉપજી તે માટે ત્રીજી સંસાર ભાવના ભાવે છેઃ—

સંસારરૂપ કોઈ વસ્તુ-પદાર્થ નથી. એ 'ભેદભાવ' કહેતાં નર-નારકાદિક, સ્વામી સેવક, જન્મ મરણ, સુખ દુઃખાદિ સર્વ ભેદો અજ્ઞાનમાંહિ છે. પરં અહો જીવ ! સમ્યગ્જ્ઞાનદ્રષ્ટિ ' દેખી ' જોય-વિચાર.શુદ્ધનયાર્થ દ્રષ્ટિએ જોતાં સર્વે જીવ ચતુર્દશ ભેદે ચતુર્દશ રજ્જવાત્મવર્તી સિદ્ધા. ૩ સિદ્ધ-સર્વ સિદ્ધ સમાન છે.

છંદ-શિષ્ય સંદેહ ટાળવાને સંસાર સ્વરૂપની મૂલોત્પત્તિ કહે છે. સંસાર ભાવે સંસારોત્પત્તિ જાણવી. તે સંસારભાવ શું ? તે કહે છે. એ સંસાર ભાવ નિશ્ચયે શું ? તે કહીએ. જે બાહ્યાભ્યંતર દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્માદિ પર-પરિણતિ કાર્ય પ્રયોજન નહીં એમ સમ્યક્ત્વી જીવ ચિંતવે. કોઈ કાર્ય નહીં, સર્વથા પ્રકાર પર વસ્તુ પર પર્યાયસંઘાતે નિશ્ચયથી સદા-સર્વદા ત્રિકાલવિષે સમ્યગ્દ્રષ્ટિએ એમ જાણવું. ચૈતન્યાત્માનું જે અનુપ રૂપ તેજ નિજ ધન નિધાન-નિધિરૂપ અક્ષય ભંડાર, તે ઓળખી-જાણી તેહથી સહજોત્પન્ન આત્મીય અદ્વિતીય રૂપ સુખ માનીયે. હવે પર સંયોગ બાહ્યરૂપ દેખાડે છે. પિતા પુત્ર ભાઈ સકલ સમસ્ત 'પરિયણ' કહેતાં પરિજન-પરિવાર-સર્વ સંબંધી સગાં એ સર્વે કેવા છે ? પંખીના મેળા સમાન છે. વળી કેવા છે ? પેખણા સમા સા રૂપ પેખણું છે, અથવા પથિક સંગીરૂપ પેખણા કહેતાં દેખણા જાણવા.

સમ કહેતાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રાદિક જે આત્મગુણ અનાદ સહ-ભૂત સંઘાતી જે જે ગુણ તે સહિત રહે છે. જીવ સુલક્ષણવંત ૨.

એ પહેલી અનિત્યભાવના કહી. તે અનિત્ય ભાવનાએ પર્યાયોપયોગ થયો. પર્યાયોપયોગ થાતાં તત્પૂર્વક દ્રવ્ય તે જાણ્યું. એ બે જાણતાં નિત્યાનિત્યપણું જાણ્યું. નિત્યપણું જાણતાં અશરણપણું જાણ્યું. તે માટે બીજી ભાવનાએ અશ-રણપણું ભાવે છે.

અશરણ વસ્તુ શુદ્ધાત્મ વસ્તુ શુદ્ધાત્મ દ્રવ્ય શુદ્ધનિશ્ચય મયા ઉક્ત. તિહાં સ્વભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણતિ શક્તિ પામી શુદ્ધસત્તા સ્વરૂપે પરિણમન સમયે અપર દ્રવ્ય કોઇ શરણ-સહાય નથી એટલે પરદ્રવ્ય પરગુણ પરપર્યાયાવલંબન એ સર્વ વ્યવહાર નયે છે. નિશ્ચયનય અપેક્ષાએ આપઆપણી શક્તિના ષટષટે ( છ-છએ ) દ્રવ્ય 'સર્વવિલાસી'-ભોગી છે. તે શક્તિ કોણ દ્રવ્યત્વ ગુણત્વ પર્યાયાદિ તેહના વિલાસી જોઇ-દેખી, એટલે પરદ્રવ્યસ્યું કાર્યકારણ વિશેષ તે ઉપચરિત વ્યવહાર-નય છે, તેનો નિશ્ચય. ૨.

જે બહિરાત્મા દેહાદિ વિણાસ્યે આપણો વિણાસ-મરણ જાણે છે તે મૂઢ જીવ દેહાદિ વિયોગથી કાયર થાએ છે. તે મૂઢ મોહે વ્યાપે છે અને તે મોહે વ્યાપી છે; એટલે મોહે તે, તે તેને મોહે-એમ પરસ્પર વ્યાપકપણું છે શરણ પણે તે જ સોચે છે, પણ જે અંતરાત્મપણે પરિણમ્યા છે તે શરણ કોઇનો નથી જોતા અને તે સમ્યકૂત્વી દ્રવ્યભાવ નિદ્રાએ અલ્પ સૂએ છે, અને વચન પણ 'કીજે પ્રીત'--સ્નેહ મમત્વાદિક; વળી સંસારભાવ શું તે કહીએ. અહં સુખી દુઃખી, ધની નિર્ધન, પંડિત મૂર્ખ, રાજા રંક ઇત્યાદિ આત્માને માનીએ તે સંસારભાવ કહીએ. એ સર્વ શુભોદયવશાત મનોજ્ઞ પુદ્ગલ દ્રવ્યની રીતિ દેખીને પોતાપણું માન્યું એ સંસારભાવ; એટલે દ્રવ્યકર્મજનિત વ્યવહાર શુભાશુભ ક્રિયા એ જ ભાવકર્મના કારણ, અને વિભાવજનિત અનેક વિકલ્પ-અધ્યવસાય તે જ દ્રવ્યકર્મના કારણ-ઇમ માંહોમાંહિ કાર્યકારણની સંકલના જાણવી. ઇમ ઇષ્ટાનિષ્ટ સંયોગ-વિયોગાદિ પુદ્ગલ દ્રવ્યની રીતિ દેખી એહ જ ભાવ કર્મોત્પત્તિ કારણ પામી સુખ-દુઃખાદિ વ્યવસ્થા આપવિષે માની. વળી સંસાર ભાવ એ કહી, જે ચાર ગતિ-ચોરાશી લાખ જીવાયોનિમાંહિ જે જે રૂપ ધર્યાં તે તે રૂપ દેખી વિભાવપરિણતિરૂપ ભાવકર્મ ઉપન્યું, તેથી તે તે રૂપ સર્વ પોતાનાં કરી જાણ્યાં. તેણે જે જે ક્રિયા નાટ નાચ્યો તે દ્રવ્ય કર્મ બંધરૂપ પરિણમે. તેણે અનાદિનો સંસારી સંસારમાંહિ રહ્યો અને જો એ સંસાર-ભાવ મિટે તો સંસાર કોઇ વસ્તુ નથી. હવે સંસારભાવ મટે તે શુદ્ધ ભાવ કહે છે. સમકિતીજી આત્માને એમ સમજાવે જે અહો આત્મા! આપણો પદ તે શુદ્ધ ચેતન દ્રવ્ય, તે શુદ્ધપણાને વિચારવો. તેહજ તત્પ્રગટન બીજ અને સંસારાવસ્થા નાશનો ઉપાય, પણ તે જો અંતરંગ ચિત્તવૃત્તિમાંહી દૃષ્ટિ દીજે તો આત્મપદ પામીએ, પણ બાહ્ય દૃષ્ટિ જોતાં કેમેય ન પામીએ. તે માટે સર્વતો ભિન્ન નિજ પદ જાણી તેમાંહિ ધ્યાનદૃષ્ટિ મગ્ન રહીએ, અને બાહ્ય આ શું અનાદિ સંબંધી પુદ્ગલ દ્રવ્ય નાટક કરે છે, સ્કંધાદિ રૂપે તે નાટક આત્માથી અન્ય સંસારરૂપ જાણી ઉદાસ ભાવે વર્ત્તીએ. તે પુદ્ગલના ઔદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિકાદિ સ્કંધરૂપ સ્વાંગ-ભેષ પામી, તેને વિષે પ્રીત ન કરીએ. આપણે શુદ્ધરૂપે પ્રીત કીજે તો એ ભાવના સંસાર મટે. (૩)

દુહા-હવે કર્મચેતના કર્મફલચેતના એ બે જ્ઞાન ચેતનાએ જાણી તે માટે ત્રીજા જ્ઞાને રમના (!) તેણે જ્ઞાનચેતનાએ તે સંસારભાવના ઉપરી સંસાર-ભાવનાબલે દ્રવ્યસંસાર, ભાવસંસારથકી આત્મા રહિત જાણીએ-તેનું કારણ એકેક ભાવના રૂપ શુદ્ધોપયોગ શુદ્ધ જ્ઞાનગુણાંશોત્પત્તિરૂપ એકત્વ ભાવનામાં જ્ઞાનપર્યાય ઉપજ્યો. અહીં એકેક ભાવના 'મુખ્ય' સમયે એકેક માંહિથી અનેક ભાવનોપયોગ ઉપજે છે. જેમ દ્રવ્યને વિષે અનેક ગુણપર્યાયાંશની સત્તા છે તેમ એક પર્યાયાંશ વિશેષ પણે દ્રવ્ય ગુણાદિકાંશ સત્તા છે; વળી પર્યાય વિષે પ્રતીપપર્યાયાંશ સત્તા છે. યથોક્તં ઉત્તરાધ્યયનેઃ—

**रागो अदोसो विश्र कम्मबीअं कम्मं च मोहप्प तवं वयंति ।**
**कम्मं च जाइं मरणस्स मूलं दुःखं च जाइं मरणं वयंति ॥ १ ॥**

એમ દ્રવ્યે પર્યાયસત્તા પર્યાયે દ્રવ્ય સત્તા પર્યાયે સત્તા—એ રીતે પરંપરા-ભાવ જાણવો. હવે એકત્વભાવના સમકિતી જીવ એમ ભાવે છે જે અહો જીવ! આત્મા અન્ય દ્રવ્યપુદ્ગલાદિ તદોત્પત્તિ તસ્ય ગુણપર્યાયાદિ સંસાર વિકલ્પ તેથી રહિત તું એવી તાહરી એક દશા દેખીને એકત્વ ભાવનાએ કરી અપ્પા—આત્માને જાણી લે, શુદ્ધ નિશ્ચયનયે એટલે વિકલ્પ તે અનેકપણું અશુદ્ધ પર્યાય તે વ્યવહાર નય, અને નિર્વિકલ્પ તે એકત્વપણું તે નિશ્ચય નય. તેથી શુદ્ધ એકત્વપણું વિચાર અને 'નાના' કહેતાં અનેક ભેદ નયાંશ-પર્યાયવિકલ્પન—સ્વપ્ન. દ્રવ્યાદિકની ભેદભાવવિચારણા તે શું ?-જે આ નર, આ નારકી, આ દેવ, આ તિર્યંચ, આ એકેંદ્રિય, આ બેંદ્રિય, એમ માર્ગણા તથા ગુણથાણાદિ ભેદ એ સર્વ વિકલ્પના કહીએ. તે તું પરની જાણજે, એટલે આત્માના જે ભેદ કહેવાય તે જે ઉપચારે પર સંયોગોત્પન્ન તે માટે પર-વિકલ્પ જાણી એક દશા ચિંતવીએ. ૪

'બોલત' કહેતાં બોલતાં થકાં, તથા 'ડોલત' કહેતાં ગમનાગમન કરતાં, શયન રૂપ ક્રિયા કરતાં થકાં ધીરતા રૂપે ચેષ્ટાએ મૌનપણા રૂપ ક્રિયાએ, જાગ્રતપણા રૂપ ચેષ્ટા કરતાં-ઇત્યાદિક વિપાકોદયજનિત અનેકપણું દેખી તુઝવેષે અનેકત્વપણું ન માનીશ, તો માનીએ શું ? તે કહે છે. વિકલ્પમાંહિ નિર્વિ-કલ્પપણું જાણી નિર્વિકલ્પોપયોગભાવનાએ આત્મામાં આપણે સ્વભાવે એક જાણીએ. 'જિતિતિ' કહેતાં જ્યાંત્યાં સંયોત્થ નથાં સવિકલ્પનાએ દ્રવ્ય વિષે અનેકત્વપણાની ભ્રાંતિ ન કરીશ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છંદ–તેજ એકત્વપણું. અહો જ્ઞાનસરોવરના હંસ! અહો વિચક્ષણ! 'વિચારો એકપણું તાસ' કહેતાં આત્માપ્રતિ વલિ તું વિચાર, જે એ જન્મ કોણે ધર્યો એટલે કોણ જન્મ્યો અને મરણ તે કેની પાસે છે–કેનો સ્વભાવ છે? તો તું વિચાર. જે મૂઓ કોણ, જન્મ્યો કોણ? ઉત્પત્તિ વિનાશ એતો પુદ્ગલપર્યાયનાં લક્ષણધર્મ છે. અને વલી જોજે સ્વર્ગે કોણ ગયો, નરકે કોણ ગયો? સ્વર્ગ નરક એ તો કર્મચેતના ફલ છે. વલી તું વિચાર, જેને અનંત સુખ, અનંત બલપરાક્રમ, તેને દુઃખ કેવું? તો કહે જે દુઃખ કોણે ભોગવ્યું? ઇંદ્રિયગમ્ય સુખદુઃખ તે તો પુણ્યપાપનું ફલ; તે પુણ્યપાપ તો પુદ્ગલકર્મપર્યાય છે, અને નિજ–પોતે આત્મા–તેનો સ્વભાવ તો સહેજે આનંદરૂપ છે, થિર–શાશ્વતરૂપે ત્રણ કાલ વિષે જ્ઞાનરૂપ ગુણ ઘણા છે એહવું તુઝપણું જો. એનું ધ્યાન ધરી જો. તાહરે એ રૂપ નથી. તું અદ્વિતીય છે! હે વિચક્ષણ હંસ! એહવું તું હકીકત કરી જાણ. એમ એકત્વભાવના ભાવતાં એકએક, અનેકએક, એકઅનેક, અનેકઅનેકાદિ ભંગ્યાંશ વિચારતાં સર્વ દ્રવ્ય, સર્વ દ્રવ્યના ગુણપર્યાયાદિ વિશેષ જાણ્યાં જાય. તે જાણતાં દ્રવ્યદ્રવ્ય વિષે અન્યત્વપણું જાણ્યું, તે જાણતાં દ્રવ્યના ગુણ પર્યાયાદિ સર્વ સંયોગ ભિન્નત્વ અન્યત્વાદિ ભેદ વિચારોપયોગ ઉપજ્યો, માટે પાંચમી અન્યત્વભાવના તે ભાવે છે. ૪

છંદ–અહો હંસ! આત્મા શાણો–ડાહ્યો–ચતુર–વિચક્ષણ–સુજાણ, પ્રીછક ઇત્યાદિક સંબોધને કરીને આપ આપસ્યું કહણ, સુણણ, આલોચ કહે છે. તું આત્મા અને આત્માથી જે અન્ય પદાર્થ તે જો દેખે, અથવા આત્મા સર્વ દ્રવ્યથી અન્ય–ન્યારો જુએ; અહો ચેતન! સર્વ દ્રવ્યસ્વભાવે કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યસ્યું મળેલું નથી. કોઇ કોઇસ્યું દ્રવ્યાર્થિક નયે મળેલું નથી, અને સર્વ એકક્ષેત્ર અવગાહીને રહ્યા છે. પરં–પર્યાયાર્થિક નયે પરપ્રદેશ પરિચય પરસ્પરેં નથી કરતા એટલે પ્રદેશાર્થિક નયેં પણ ભિન્નત્વપણું છે, તે શા માટે? જે નિશ્ચયનયના ધર્મે, જે માટે निच्च दव्वा निच्च पएसा निच्च गुणा निच्चानिच्च पज्जवा–સર્વ પદાર્થ નિત્યત્વધર્મી છે. આપણો સ્વભાવ–લક્ષણધર્મ નિત્યપણે છે. આપ આપણી શોભા વિરાજમાન સર્વ દ્રવ્ય ભૂષિત–અલંકૃત છે.

હવે પાંચમી અન્યત્વ ભાવના ભાવતાં અન્ય જે પુદ્ગલ દ્રવ્ય, તેના દ્રવ્યગુણપર્યાયાંશભાવના વિચારે શુભઅશુભ શુદ્ધ અશુદ્ધ પર્યાયાંશ વિચાર ઉપજે છે, ત્યાં અશુભશુદ્ધ વિભાવપર્યાય સ્વરુપ વિચારતાં પુદ્ગલ દ્રવ્યથકી નીપજેલો ઉદારિક વર્ગણાસમૂહ–ઉદારિકદેહરૂપસ્કંધ પર્યાયાદિક તેહથી ઉપજેલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિતર્ક સ્વરૂપ કુરૂપાદિવર્ણણા ગંધરસસ્પર્શાદિ વિચારતાં અશુચિ ભાવના ઉપજે, માટે અશુચિ ભાવના કહી તે ભાવીએ છીએ. એકસમે પરસ્પરે આપાપરપણાંને ' અચાનડા ' અજાણ છે. વલી માંહોમાંહિ કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યનો સ્વામી નહી અને સેવક પણ નહીં. **सव्वे दव्वा अहमिंदा** એવું જાણી અહો હંસ સયાંણા--ડાહ્યા. ૫

દુહા—નિર્મલ ગતિ છે. જીવ આપણી પોતાની મુકતાવસ્થારૂપ કાલલબ્ધિયોગે ઉપજેલી શુદ્ધ ચેતના આવિર્ભાવ છે ત્યારે ચેતના ચેતનને કહે છે. એ શુદ્ધ ચેતનાંશ કહીએ, પણ ' જો હોઇ જાણો તો, વા હોઈ વાચા હો તો ખપ કરો, વા ' આચાસ ' આત્મા તેથી; વા જોઈ હો જાણીને-પરિશ્રમ કરીને, વલી અહો આત્મા ! તુજ વિના બીજા સર્વ દ્રવ્ય જડરૂપ જાણજે. તું ચેતન-આત્મા એક, તું આપ આપપર સર્વ પ્રકાશક છે. ૬

છંદ—અતિ નિર્મલ સ્વરૂપ જાણ. આપણો આત્મસત્તારૂપ શરીર તે તું જાણ-ઓલખ-તહકીક કર; પણ તે કેવો છે આત્મ શરીર ? જે શરીરે રોગ ન વ્યાપે, દુઃખ ન વ્યાપે, દારિદ્ર પીડા ન વ્યાપે એવો છે. શુદ્ધ સત્તા શરીરે પીડા ન વ્યાપે, દુઃખ દારિદ્રાદિ ન વ્યાપે, રોગ-દ્રવ્ય રોગાદિક નાવે જેને; વલી કેવો છે આત્મ શરીર ?-જ્ઞાન, દર્શન અને ચારિત્ર તે સહિત છે. સર્વમાં છઠી અન્યત્વ ભાવનાએ ષટ્ દ્રવ્યનું અન્યત્વપણું ચિંતવતાં દ્રવ્યગુણાત્મકપણું જાણ્યું, ત્યાં પરિણામી અપરિણામી, સક્ષેત્રી અક્ષેત્રી, રૂપી અરૂપી, એક અનેક, કર્ત્તા અકર્ત્તા ઇત્યાદિ ગુણાત્મક નય વિષે અનેક ભેદ, ત્યાં પરિણામલક્ષણ ગુણ બે દ્રવ્યવિષે જોઇએ-એક પુદ્‌ગલદ્રવ્ય, બીજો ચેતન. એ બે પરિણામી, તે રીતે બંનેનાં પરિણામ શુદ્ધાશુદ્ધ બે રૂપે થાય, તે મધ્યે પુદ્‌ગલનું તો શુદ્ધ પરિણામ, તેજે સૂક્ષ્મપણું પરમાણુરૂપ પરિણમવું અને અશુદ્ધ તે જે સ્કંધાદિરૂપે પરિણમવું તથા આતમ ચેતનનું શુદ્ધ પરિણામ જે તે કેવલજ્ઞાન કેવલદર્શનના ઉપયોગે સિદ્ધત્વાવસ્થાએ પરિણમવું અને અશુદ્ધ પરિણામ તે જે પર પુદ્‌ગલાદિ સ્કંધ સ્પર્શ પામી આત્મત્વપણે માની પરવિષે પરિણમ્યું તે દ્રવ્ય-ભાવ ભેદે બે આશ્રવ કહીએ-તેહનું ચિંતવવું તે આશ્રવભાવના સંતમી.

એહવું શુદ્ધાત્મરૂપ શરીરનું ભાવી-ચિંતવી વિચારશો. મલમૂત્રની ધરણહારી અત્યંત બે ધારાએ ચાલતા એહવા ઔદારિક દેહને જાણી પુદ્‌ગલ ભિંભલા-મેલા-ડોહળાનો શુદ્ધરૂપ પર્યાય નિજ પોતાનો જે દેહ તે તો અંતસુખમાં તાહરો દેહ એવું જાણી તું હો હંસ ! નિર્મલરૂપના ધરણહાર. ૬

( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૮૪ થી શરૂ )

લખનૌમાં એક મહત્ત્વનું ખાસ જોવા જેવું છે. અહીં મ્યુઝીયમ બહુ જ સારૂં છે. યુ. પી. માં આવું મ્યુઝીયમ એક જ છે. મોટા મ્યુઝીયમમાં નીચે ભોંયરામાં ધાતુની પ્રાચીન જિનમૂર્તિ અને પાષાણની શાસનદેવીની મૂર્તિ છે તેમજ **કેસરબાગ** કે જ્યાં પહેલાં યુ. પી. ની કાઉન્સીલ હતી ત્યાં મથુરાના કંકાલી ટીલામાંથી નીકળેલ પ્રાચીન જૈન મંદિરોનાં અવશેષો, પ્રાચીન જિન મૂર્તિઓ કેટલીક તો વર્તમાન વિક્રમ સંવતથી પણ પ્રાચીનકાલીન મૂર્તિઓ છે. તેમાંય મુખ્ય હોલની બાજુમાં ચાર મોટી ભવ્ય મૂર્તિઓ તેરમી શતાબ્દિની છે. ખાસ દર્શનીય છે. એક પરિકરવાળી શ્રી મુનિસુવ્રતસ્વામીની મૂર્તિ પણ બહુજ રમ્ય અને મનોહર છે. જૈન ધર્મના આ પ્રાચીન સ્મારકના-ગૌરવના જરૂર દર્શન કરવા યોગ્ય છે. નાની મોટી લગભગ સાત સો વસ્તુઓ જૈનોની છે. મંદિરના સ્થંભો, શિખરના ટૂકડા અને અનેક ખંડિત મૂર્તિઓ નંબર લગાવી ત્યાં રાખવામાં આવેલ છે. જો કે આ સ્થાન બધાને બતાવતા નથી. અમને પણ મુશ્કેલી પડી હતી પરંતુ મહેનત કરવાથી જરૂર એક સુંદર વસ્તુ જોવા મળશે. જૈન વિભાગ જુદો છે. મ્યુઝીયમમાં તો નામ માત્ર જ જૈન વિભાગ છે પરંતુ ત્યાંથી બે ફર્લાંગ દૂર કેસરબાગમાં જ આ બધો સંગ્રહ છે. આ માટે વિશેષ જાણવા ઇચ્છનાર મહાશય મારો લેખ જૈન જ્યોતિમાં " લખનૌના મ્યુઝીયમની પ્રાચીન જૈનમૂર્તિઓ " વાંચે. ગામ બહાર પણ શ્વે. મંદિર અને ધર્મશાળા છે.

આ બધું જોઇ અમે લખનૌથી વિહાર કરી **કાનપુર** આવ્યા.

કાનપુર બહુ જ પ્રસિદ્ધ શહેર છે યુ. પી ના વ્યાપારનું મુખ્ય કેન્દ્ર શહેર છે. અહીં વ્યાપાર અર્થે ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના જૈનો વસે છે. તેમનાં ૪૦-૫૦ ઘર છે. ૫-૬ બાબૂના ઘર છે. અહીં એક સુંદર ભવ્ય કાચનું જિનમંદિર છે. કલકત્તાના પ્રસિદ્ધ દાનવીર બાબૂરાય બદ્રિદાસજીના મંદિરની પ્રતિકૃતિ-સફલ પ્રતિકૃતિ છે. જો કે તેનાથી નાનું છે, જગાની ઓછાશ ઘણી છે; છતાં મંદિરને તેવું બનાવવા પ્રયત્ન સફલ થયો છે. કામ સુંદર છે તેમાંય પ્રભુ સન્મુખનું મીણાકારી કામ તો કમાલ છે, તેમજ હીરા, મોતી, પન્ના, માણેક, નીલમ આદિની હારબંધ [illegible] ગોઠવણી એવી સુંદર છે કે જોનારનું મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રફુલ્લિત થઈ જાય. કળા એ મનુષ્ય જીવનનું અંગ છે; કળા એ હૃદયના ઊંડાણમાંથી નીકળતી વસ્તુ છે. તેની સાચી પ્રતીતિ અહીં થાય છે; પરંતુ અહીં આવનાર વર્ગ પ્રાયઃ કરીને કાચના ઝગઝઘાટમાં જ અંજાઇ જાય છે અને જોવાની ખરી અણમૂલ વસ્તુ તરફ લક્ષ્ય નથી આપતા. માત્ર કાચની ગોઠવણી, તેનું કામ અને રચના જ જોઇ વાહવાહ કહેતા ખુશી થઇ હસતા હસતા ચાલ્યા છે. આ મંદિર.......................ભંડારીએ બંધાવ્યું છે અને સાચા પ્રેમથી તેમાં અનેક વસ્તુઓ ચિતરાવી ધનનો સદ્વ્યય કર્યો છે. ઉપરમાં ચોવીસ તીર્થંકરો, તેમના માત-પિતા, યક્ષ-યક્ષિણી અને વિવિધ ચિત્રો ખાસ લક્ષ્ય દઇ જોવા જેવા-દર્શન કરવા જેવાં છે. હીરાના કંઠા, મોતી માણેક અને નીલમની માળાઓ મુગટ, કુંડલ તેમજ ચિત્રમાં કેવું સુંદર રેખાંકન છે, બારીક પીંછીથી કેટલું કામ કર્યું છે તે બધું જોવા જેવું છે; બાકી કેટલાંક હાથીદાંતનાં પણ ચિત્રો છે. તાજમહેલ જેવી ચીજ પણ અંદર આલેખી છે. હજી પણ કામ ચાલુ જ છે પરંતુ નવાં ચિત્રો એવાં તો ભદ્દા અને બેહુદાં બને છે કે જોનારને ઘૃણા ઉપજે. વીતરાગના મંદિરમાં ફેશનેબલ વસ્ત્રોવાળી અર્ધનગ્ન દેખાતી સ્ત્રીઓનાં ચિત્રો સુરૂચિનો ભંગ કરે છે. પ્રેક્ષકોને જરૂર ખુંચે તેવાં છે. આ તો સોનાની થાળીમાં લોઢાની મેખ મારવા જેવું છે. આ સંબંધી મંદિરના કર્તા બાબૂજીને કહ્યું; તેમનું લક્ષ્ય પણ ખેંચ્યું છે. આવા ચિત્રો કરવા કરતાં તો ભીંત સાફ રહે તે જ વધારે સારૂં છે. અહી મંદિરની સામેજ ઉપાશ્રય છે નાની ધર્મશાળા પણ છે. ગુજરાતી લાયબ્રેરી છે, કેટલાક ઉત્સાહી કાર્યકર્તા ગુજરાતીઓ છે. સુપ્રસિદ્ધ પ્રતાપ હિંદી સાપ્તાહિક અહીંથી જ પ્રગટ થાય છે. હવે તો દૈનિક પણ નીકળે છે. અહીંથી વિહાર કરતા કરતા કંપિલાજી તીર્થ ગયા વચમાં કનૌજ આવ્યું.

**કનૌજ—**

ભારતના ઇતિહાસમાં આ નગરી બહુ જ પ્રસિદ્ધ છે. તેમાંય જયચંદ રાઠોડની રાજધાની તરીકે આ નગરીએ ઘણી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. પ્રથમ જયચંદ રાઠોડ અને તેના માસીયાઇ ભાઇ સુપ્રસિદ્ધયોદ્ધા પૃથ્વીરાજ ચૌહાણે મુસ્લીમ સત્તાના પ્રતિનિધિ મહમદ ઘોરીને સત્તરવાર પરાજયની કાલિમાથી કલંકિત કર્યો હતો-તેને હરાવી નસાડી મૂકયો હતોઃ પરન્તુ બન્નેમાં કારણવશાત્ વિરોધ પડયો અને તે વિરોધે ભયંકર શત્રુતાનું રૂપ લીધું, અન્તે જયચંદ રાઠોડે ઇર્ષ્યા, દ્વેષ અને ક્રોધના આવેશમાં ન કરવાનું કર્યું. પોતાના જ નહિ કિન્તુ ભારતના શત્રુ મહમદ ઘોરીને તેણે બોલાવ્યો મહમદને પરાજયનું દુઃખ સાલતું હતું તેણે આ ગૃહકલેશનો લાભ લીધો. હિન્દ ઉપર ચઢાઇ કરી. પૃથ્વી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની ૩૯ મી સ્વર્ગવાસ તિથિ.

[ તા. ૨૦–૬–૩૪ અમદાવાદમાં ઉજમફઈની ધર્મશાળામાં સ્વર્ગસ્થ આચાર્ય **શ્રી વિજયાનંદસૂરિજી** જેઓ આત્મારામજી મહારાજને નામે પ્રસિદ્ધ છે અને પોતાના કાર્યોથી જૈન સમાજમાં જેઓ એક પરમોપકારી અને વિદ્વાન સાધુ તરીકે પૂજાય છે તેમની ૩૯ મી જયંતિ આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરિજીની** હાજરીમાં ઉજવવામાં આવી હતી, જે પ્રસંગે જાણીતા વિદ્વાનો પં. સુખલાલજી, પં. હંસરાજજી વગેરે હાજર હતા તેમજ જુદા જુદા ઉપાશ્રયોથી સાધુ તથા સાધ્વીઓ પણ સારી સંખ્યામાં આવ્યા હતાં. શ્રાવકો પણ સારી સંખ્યામાં ઉપસ્થિત હતા. ]

**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે** શરૂઆતમાં પોતાનું વક્તવ્ય શરૂ કરતાં જ આપણી અનિયમિતતા બાબત ટકોર કરી હતી અને જણાવ્યું હતું કે બહારગામથી હાજર થયેલા વકતાઓને આટલા સમયમાં સાંભળીએ તો વધુ સારૂં થશે.

---

રાજ લડવા ગયો બીજા રાજપુત રાજાઓ તેમાં ન ભળ્યા. અન્તે તે હાર્યો અને જીવતો પકડાયો. દિલ્હી પડયું. રાજપુતોના હાથમાંથી પ્રથમ જ આવી મહાન્ સત્તા મુસલમાનોના હાથમાં કાયમને માટે ગઈ. દિલ્હી લુંટાયું. ભારત પરાધીન બન્યું. બીજે જ વર્ષે મહમદે બેઈમાન જયચંદ ઉપર ઘેરો ઘાલી તેને હરાવ્યો અને સદાને માટે ભારત મુસલમાનોના હાથમાં ગયું. આજ પણ દેશદ્રોહીઓને જયચંદની ઉપમા અપાય છે. આ પ્રસિદ્ધ શહેર અમારે વચમાં જ આવ્યું. આજ તો ધ્વસ્તરૂપે પડયું પડયું પોતાના માલેકની કલંકકથા લજ્જાન્વિત બની ગાય છે. અહીં સીતાજીનું જન્મસ્થાન પણ છે. તેમની બાળક્રીડાનું સ્થાન, રસોઇઘર, ક્રીડાભુવન આદિ બતાવે છે. આ નગરી ઘણો બોધ આપે છે. આ નગરી પહેલાં બહુ જ વિસ્તારમાં હશે. અત્યારે પણ ઘણી લાંબી–ચોડી પડી છે. તેનો પુરાણો કિલ્લો પણ છે. અહીં દિગંબર જૈનોની વસ્તી છે. તેમનું મંદિર છે, તેઓ સરલ પરિણામી અને ભાવિક છે. આજ પણ આ નગરીના લોકો પોતાના એ દેશદ્રોહી રાજાને સંભાળી પશ્ચાતાપ કરે છે. તેને અભિશાપ આપે છે.

ત્યાંથી વિહાર કરતા ફેરૂકાબાદ આવ્યા

—ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ કોઇ વકતા વાણીનો સંયમ રાખીને બોલે. સાધુ સંમેલન થઇ ચુકયું છે ને એનો પ્રભાવ તમે સૌ કોઇ જોઇ શકો છો. આજે એક પાટ ઉપર અમે જે આટલા સાધુઓ એકઠા થઇ બેઠા છીએ એ એનો પ્રતાપ છે. અમારો આ પ્રેમસ્નેહ જારી રહે એ દરેક વકતાનું ધ્યેય હોવું જોઇએ. બાકી છદ્મસ્થ ભૂલને પાત્ર છે, એ શ્રોતાઓએ ખ્યાલમાં રાખવું જોઇએ.

આ પછી ગુલાબચંદજી ઢઢ્ઢાનો પરિચય કરાવી તેઓશ્રીએ સ્થાન ગ્રહણ કર્યું હતું.

**શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ** આત્મારામજી મહારાજની જીવનકથા વર્ણવતાં કહ્યું કે–

તેમનો જન્મ પંજાબમાં થયેલો. પિતા લશ્કરની ટુકડીના નાયક હતા, પણ આચાર્ય શ્રી બાલ્યાવસ્થાથી ધર્મવૃત્તિવાળા હતા. તેમણે જે સિદ્ધાન્તો પ્રથમ માન્યા, તેમાં ખામી જણાતાં તરતજ બીજે પગલાં માંડયા. તેઓ સ્થાનકવાસીમાંથી શ્વેતામ્બર મતના બન્યા. તેમનું જ્ઞાન કેટલું વિશાળ હતું એ તેમના ગ્રંથો આપણને સમજાવે છે. અને આજે વિદ્વત્તાથી પ્રેરાઇ અમેરિકાના ચીકાગો શહેરની સર્વ ધર્મ પરિષદમાં પણ તેમને નિમંત્રણ મળ્યું હતું, જેમાં તેઓએ વીરચંદ રાઘવજી ગાંધીને મોકલ્યા હતા.

આ પછી વકતા મહાશયે કેટલાંક દૃષ્ટાંતો આપ્યાં હતાં જેમાં સ્વર્ગસ્થ આચાર્યદેવની મહત્તા ઝળકતી હતી.

પંડિત હંસરાજજી બોલવા ઉભા થયા તે પહેલાં શ્રી વલ્લભસૂરિજીએ તેમનો પરિચય કરાવતાં જણાવ્યું હતું કે–' પંડિતજી જન્મે બ્રાહ્મણ હોવા છતાં જૈન સંસ્કારોથી વિભૂષિત છે. તેમણે અનેક ગ્રંથો બનાવ્યા છે. '

આ પછી **પં. હંસરાજજીએ** સદ્ગતના જીવનનું વિવેચન કરતાં જણાવ્યું હતું કે–મેં સૂરિજીનાં પ્રત્યક્ષ દર્શન નથી કર્યાં પણ તેમનાં ગ્રન્થોના વાંચનથી હું તેમની સમાજ માટેની સેવા કરવાની તમન્ના સમજી શકયો છું. સમાજને ઉંચો ઉઠાવવામાં તેમણે જે પ્રયત્ન કર્યો છે તે ખરેખર અભ્યાસ કરવા યોગ્ય છે.

**પંડિત સુખલાલજી** પોતાનું વકતવ્ય શરૂ કરતાં જણાવ્યું કે, આચાર્ય મહારાજના જીવનની પૂરી સમાલોચના આજે થઇ શકે તેમ નથી. એમનું સાહિત્ય અને જીવનનું દર્શન જોતાં મને તેમના તરફ વધારે આદર છે. સોળમાંથી સત્તરમા સૈકામાં શ્રી યશોવિજયજી થયા પછી ૧૯ માથી ૨૦ મા સૈકામાં આત્મારામજી મહારાજ થયા છે. તેઓનો કાળ ક્રીશ્ચિયાનીટીની જબરી અસરવાળો હતો, છતાં તેઓએ જૈન દર્શનનો ખૂબ ફેલાવો કર્યો હતો. જૈન તત્ત્વાદર્શમાં તત્ત્વોની વાત છે પણ તે કેવળ શ્રદ્ધા ઉપર નથી રચેલાં, બુદ્ધિગમ્ય થાય તેવી ખૂબીથી બતાવવામાં આવ્યા છે.

નવા યુગને સત્કારવાનો સૌથી પ્રથમ પ્રયત્ન તેમનો જ હતો. અને આ પછી તેમણે એ યુગના પુસ્તકોની અછત તથા સ્વામીદયાનંદ સાથે આત્મારામજીની સરખામણી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સાહિત્યની દિશા ખોલવાનો કેવી રીતે તેમનો પ્રયત્ન હતો એનું વિવેચન કરી રહ્યું હતું કે–' તેમણે બી વાવ્યાં છે, સીંચન આપણે કરવાનાં છે.'

મુનિરાજ શ્રી **ચરણવિજયજીએ** પૂ. આત્મારામજી મહારાજના સંપ્રદાય પરિવર્તનની વાત પર જોર દેતાં જણાવ્યું હતું કે તેઓ સત્યના શોધક હતા. જૈનોની એક કોલેજ સ્થાપવાની તેમની ભાવના હતી. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી એ ભાવના મૂર્ત કરવા યત્ન કરી રહ્યા છે પણ સમાજે કમર કસવાની જરૂર છે.

આ પછી તેમણે જણાવ્યું કે એ કાળના ત્રણ મહાત્માઓ; **આત્મારામજી મહારાજ, મૂળચંદજી મહારાજ, વૃદ્ધિચંદજી મહારાજ** જે કરી શકતા તે કરતા તે આજે ૫૦૦ અને ૧૫૦૦ સાધુઓ પણ કરી શકે તેમ નથી. ચૈત્ર શુદ ૧ સંવત ૧૯૯૨ માં આત્મારામજી મહારાજને સો વર્ષ થતાં હોવાથી તેમની શતાબ્દિ ગૂજરાતમાં ઉજવવાનો નિશ્ચય કર્યો છે અને તેના પ્રયત્ન શરૂ છે. પંજાબમાં ફંડ ચાલુ છે. ગૂજરાત શું કરે છે તે જોવાનું છે.

**આચાર્યશ્રી વલ્લભસૂરિજીએ** જોરદાર રીતે બોલતાં કહ્યું કે–**આત્મારામજી મહારાજ** એક જ્યોતિર્મય આત્મા છે એ કોઇ જાણતું નહોતું. જેમનો જન્મ–જ્યાં જૈનધર્મનું નામ ન હોય ત્યાં થાય, કુળધર્મ શિવધર્મ હોય, એમાંથી આટલી હદે પહોંચવું એ સાધારણ વ્યક્તિનું કામ નથી. તેઓ આજે અનેક રીતે પૂજાય તેમ છે.

તત્કાલિન ક્રિયા અને જ્ઞાનમાં પણ તે પાવરધા હતા. જ્ઞાનના ઉપયોગની તેમની શક્તિ અજબ હતી. તેઓ પ્રથમ નિડર સુધારક પણ હતા. વીરચંદ ગાંધીને ચીકાગો મોકલતી વખતે એમના પર આક્ષેપોની વર્ષા થઇ હતી. આજની હરિજન પ્રવૃત્તિ સંબંધમાં પણ એ લખતા ગયા છે. જ્ઞાતિના વાડા તોડવા એમણે ૪૫ વર્ષ પૂર્વે લખેલું છે. જ્ઞાનમંદિરો પણ તેમણે ઠેરઠેર ઉઘાડ્યા હતાં. પંજાબ ભૂમિમાં ધર્મનાં બી વાવવાનું માન પણ એ સદ્દગતના આત્માને જ છે.

# જયંતી.

બારડોલીમાં મહામહોપાધ્યાય શ્રીમાન્ દેવવિજયજી મહારાજની અધ્યક્ષતામાં વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ (આત્મારામજી મહારાજ સાહેબ)ની ૩૮ મી જયંતિ જેઠ શુદ ૮ ના ઉજવવામાં આવી હતી. જયંતિ પ્રસંગે પં. શ્રી લલિતવિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન મુનિ શ્રી પ્રભાવિજયજી મહારાજ સાહેબે સંપૂર્ણ જીવનચરિત્ર ઘણી જ અસરકારક ભાષામાં જનતાની સન્મુખ કહી સંભળાવ્યું હતું. તે પછી પ્રમુખ શ્રીમાન્ દેવવિજયજી મહારાજ સાહેબે ઓજસ્વી ભાષામાં પ્રકાશ પાડયો હતો. તે બાદ સભા બરખાસ્ત કરવામાં આવી હતી. અને બપોરના દેરાસરની અંદર ચોકશી નાથાલાલ લલ્લુભાઇ તરફથી નવાણુ પ્રકારી પૂજા બઢી ધામધુમપૂર્વક ભણાવ્યા બાદ તેમના જ તરફથી પ્રભાવના કરવામાં આવી હતી. ગામનો ઉત્સાહ ઘણો જ સરસ હતો.

For Private And Personal Use Only

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા.

ગતાંક પૃષ્ઠ ૨૨૨ થી શરૂ.

## મુંબઇ ઇલાકાની જૈનોની સાંસારિક સ્થિતિ. કોઠો ૪ થો.

| કુલ | | જૈન વસ્તી | | કુંવારા | | પરણેલા | | વિધૂર | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉમર | સઘળા | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| | ૧૯૯૮૦૮ | ૧૦૫૬૩૩ | ૯૦૧૭૫ | ૫૧૮૧૦ | ૨૯૫૨૯ | ૫૦૦૭૮ | ૪૨૪૭૦ | ૭૭૪૫ | ૧૮૧૭૬ |
| ૦–૧ | ૫૫૦૭ | ૨૭૦૬ | ૨૮૦૧ | ૨૬૮૬ | ૨૭૬૯ | ૧૮ | ૩૧ | ૨ | ૧ |
| ૧–૨ | ૫૦૦૩ | ૨૪૬૨ | ૨૫૪૧ | ૨૪૨૯ | ૨૪૮૯ | ૩૧ | ૫૦ | ૨ | ૨ |
| ૨–૩ | ૫૦૭૯ | ૨૪૭૧ | ૨૬૦૮ | ૨૪૩૯ | ૨૫૩૫ | ૨૯ | ૭૨ | ૩ | ૧ |
| ૩–૪ | ૪૯૦૨ | ૨૪૪૬ | ૨૪૫૬ | ૨૪૧૦ | ૨૩૫૪ | ૩૪ | ૯૯ | ૨ | ૩ |
| ૪–૫ | ૫૨૯૯ | ૨૬૯૨ | ૨૬૦૭ | ૨૫૯૭ | ૨૪૨૧ | ૮૭ | ૧૭૪ | ૮ | ૧૨ |
| કુલ ૦–૫ | ૨૫૭૯૦ | ૧૨૭૭૭ | ૧૩૦૧૩ | ૧૨૫૬૧ | ૧૨૫૬૮ | ૧૯૯ | ૪૨૬ | ૧૭ | ૧૯ |
| ૫–૧૦ | ૨૩૬૦૧ | ૧૨૩૧૬ | ૧૧૨૮૫ | ૧૧૮૨૫ | ૯૨૫૫ | ૪૬૭ | ૧૯૬૦ | ૨૪ | ૭૦ |
| ૧૦–૧૫ | ૨૨૪૩૮ | ૧૨૧૨૨ | ૧૦૩૧૬ | ૧૧૧૩૨ | ૬૪૩૪ | ૯૫૦ | ૩૭૬૩ | ૪૦ | ૧૧૯ |
| ૧૫–૨૦ | ૧૯૪૦૧ | ૧૦૮૪૯ | ૮૫૫૨ | ૬૮૯૦ | ૭૮૭ | ૩૮૩૫ | ૭૪૨૮ | ૧૨૪ | ૩૩૭ |
| ૨૦–૨૫ | ૧૯૯૪૯ | ૧૧૦૨૭ | ૮૯૨૨ | ૪૭૨૯ | ૧૯૭ | ૬૦૯૦ | ૮૧૭૨ | ૨૦૮ | ૫૫૩ |
| ૨૫–૩૦ | ૧૭૬૦૧ | ૧૦૦૨૯ | ૭૫૭૨ | ૧૭૦૭ | ૯૨ | ૭૯૨૫ | ૬૪૬૩ | ૩૫૭ | ૧૦૧૭ |
| ૩૦–૩૫ | ૧૬૬૯૪ | ૯૯૩૮ | ૬૭૫૬ | ૧૧૪૮ | ૫૯ | ૮૨૩૮ | ૫૩૧૦ | ૫૫૨ | ૧૩૮૭ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫–૪૦ | ૧૩૪૮૪ | ૭૯૫૦ | ૫૫૩૪ | ૬૦૩ | ૩૯ | ૬૫૭૪ | ૩૪૩૯ | ૭૭૩ | ૨૦૫૬ |
| ૪૦–૪૫ | ૧૧૪૮૫ | ૬૫૯૯ | ૪૭૮૬ | ૪૨૮ | ૧૫ | ૫૩૧૮ | ૨૫૩૬ | ૮૫૩ | ૨૨૩૫ |
| ૪૫–૫૦ | ૮૮૪૭ | ૫૦૪૭ | ૩૮૦૦ | ૨૯૫ | ૩૨ | ૩૭૨૯ | ૧૩૫૬ | ૧૦૨૩ | ૨૪૧૨ |
| ૫૦–૫૫ | ૭૦૪૪ | ૩૯૫૫ | ૩૦૮૯ | ૨૦૭ | ૨૪ | ૨૭૨૯ | ૮૪૦ | ૧૦૧૯ | ૨૨૨૫ |
| ૫૫–૬૦ | ૫૨૧૨ | ૨૮૨૨ | ૨૩૯૦ | ૧૨૩ | ૧૦ | ૧૭૬૦ | ૩૯૮ | ૯૩૯ | ૧૯૮૨ |
| ૬૦–૬૫ | ૪૧૦૧ | ૨૧૨૧ | ૧૯૮૦ | ૮૨ | ૭ | ૧૨૫૯ | ૨૨૬ | ૭૮૦ | ૧૭૪૭ |
| ૬૫–૭૦ | ૧૮૯૯ | ૯૮૬ | ૯૧૩ | ૪૬ | ૩ | ૫૨૪ | ૮૦ | ૪૧૬ | ૮૩૦ |
| ૭૦ થી ઉપરની ઉમરના | ૨૩૬૨ | ૧૦૯૫ | ૧૨૬૭ | ૩૪ | ૭ | ૪૮૧ | ૭૩ | ૫૮૦ | ૧૧૮૭ |

# રજપુતાના એજન્સી
## જૈનોની સાંસારિક સ્થિતિ.
### કોઠો ૫ મો.

| કુલ | | જૈન વસ્તી | | કુંવારા | | પરણેલા | | વિધૂર | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉમર | સઘળા | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| | ૩૦૦૭૪૮ | ૧૪૬૦૦૪ | ૧૫૪૭૪૪ | ૭૫૫૨૧ | ૪૯૬૩૧ | ૫૬૮૮૯ | ૬૬૮૪૩ | ૧૩૫૯૪ | ૩૮૨૭૦ |
| ૦–૧ | ૯૪૬૪ | ૪૮૧૮ | ૪૬૪૬ | ૪૭૭૫ | ૪૫૮૨ | ૩૫ | ૫૨ | ૮ | ૧૨ |
| ૧–૨ | ૮૫૬૩ | ૪૨૬૯ | ૪૨૯૪ | ૪૨૪૩ | ૪૨૫૪ | ૨૪ | ૩૯ | ૨ | ૧ |
| ૨–૩ | ૮૩૬૫ | ૪૧૧૧ | ૪૨૫૪ | ૪૦૮૭ | ૪૨૦૫ | ૨૪ | ૪૭ | ૦ | ૨ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩–૪ | ૭૮૧૦ | ૩૮૭૭ | ૩૯૩૩ | ૩૮૩૭ | ૩૮૬૩ | ૪૦ | ૬૭ | ૦ | ૩ |
| ૪–૫ | ૭૮૨૪ | ૩૯૪૪ | ૩૮૮૦ | ૩૮૧૮ | ૩૭૨૦ | ૧૧૬ | ૧૪૦ | ૧૦ | ૨૦ |
| કુલ ૦–૫ | ૪૨૦૨૬ | ૨૧૦૧૯ | ૨૧૦૦૭ | ૨૦૭૬૦ | ૨૦૬૨૪ | ૨૩૯ | ૩૪૫ | ૨૦ | ૩૮ |
| ૫–૧૦ | ૩૫૬૩૪ | ૧૮૨૩૪ | ૧૭૪૦૦ | ૧૭૬૧૮ | ૧૫૯૭૧ | ૫૯૩ | ૧૩૫૯ | ૨૩ | ૭૦ |
| ૧૦–૧૫ | ૩૨૪૫૫ | ૧૬૬૮૪ | ૧૫૭૭૧ | ૧૫૪૯૬ | ૧૧૪૦૪ | ૧૧૪૨ | ૪૧૭૭ | ૪૬ | ૧૯૦ |
| ૧૫–૨૦ | ૨૭૦૫૩ | ૧૩૦૩૬ | ૧૪૦૧૭ | ૭૪૯૬ | ૧૦૯૬ | ૫૩૪૬ | ૧૨૧૬૯ | ૧૯૪ | ૭૫૨ |
| ૨૦–૨૫ | ૨૮૪૨૭ | ૧૩૩૪૧ | ૧૫૦૮૬ | ૫૧૨૭ | ૨૩૪ | ૭૮૮૨ | ૧૩૫૦૮ | ૩૩૨ | ૧૩૪૪ |
| ૨૫–૩૦ | ૨૩૨૨૦ | ૧૦૯૧૨ | ૧૨૩૦૮ | ૨૩૩૧ | ૮૩ | ૮૦૩૦ | ૯૭૯૮ | ૫૫૧ | ૨૪૨૭ |
| ૩૦–૩૫ | ૨૧૨૫૪ | ૧૦૦૫૯ | ૧૧૧૯૫ | ૧૭૫૭ | ૭૧ | ૭૫૦૫ | ૮૦૪૮ | ૭૯૭ | ૩૦૭૬ |
| ૩૫–૪૦ | ૨૦૧૨૪ | ૯૪૦૦ | ૧૦૭૨૪ | ૧૩૬૯ | ૫૧ | ૬૬૩૮ | ૫૯૯૭ | ૧૩૯૩ | ૪૬૭૬ |
| ૪૦–૪૫ | ૧૮૮૧૭ | ૮૯૨૫ | ૯૮૯૨ | ૧૨૧૨ | ૩૬ | ૬૦૧૨ | ૪૭૬૧ | ૧૭૦૧ | ૫૦૯૫ |
| ૪૫–૫૦ | ૧૬૩૮૧ | ૭૯૫૪ | ૮૪૨૭ | ૯૧૬ | ૨૧ | ૪૮૯૨ | ૨૯૫૨ | ૨૧૪૬ | ૫૪૫૪ |
| ૫૦–૫૫ | ૧૩૨૬૬ | ૬૪૪૨ | ૬૮૨૪ | ૬૫૬ | ૧૨ | ૩૭૫૯ | ૨૦૩૮ | ૨૦૨૭ | ૪૭૭૪ |
| ૫૫–૬૦ | ૮૯૧૦ | ૪૧૪૧ | ૪૭૬૯ | ૩૬૫ | ૬ | ૨૧૪૭ | ૮૮૩ | ૧૬૨૯ | ૩૮૮૦ |
| ૬૦–૬૫ | ૭૦૩૪ | ૩૧૦૮ | ૩૯૨૬ | ૨૪૧ | ૬ | ૧૫૩૩ | ૫૫૩ | ૧૩૩૪ | ૩૩૬૭ |
| ૬૫–૭૦ | ૨૯૪૪ | ૧૩૪૪ | ૧૬૦૦ | ૮૬ | ૪ | ૫૯૭ | ૧૫૨ | ૬૬૨ | ૧૪૪૪ |
| ૭૦ ની ઉપરની ઉમરના | ૩૨૦૩ | ૧૪૦૫ | ૧૭૯૮ | ૯૧ | ૧૨ | ૫૭૫ | ૧૦૩ | ૭૩૯ | ૧૯૮૩ |

(ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## આ સભાનો ૩૯ મો વાર્ષિક મહોત્સવ.

સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ શુદ ૭ અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની જેઠ શુદ ૮ ના રોજ સભાએ ઉજવેલ જયંતિ.

આ સભાને આડત્રીશમું વર્ષ પૂરું થઇ જેઠ શુદ ૭ ના રોજ ઓગણચાલીશમું વર્ષ બેસતું હોવાથી દર વર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યા હતા.

૧ જેઠ શુદ ૭ મંગળવારના રોજ આ સભાના મકાન (આત્માનંદ ભવન) ને ધ્વજા તોરણ વગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આતમરામજી) મહારાજની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું. ત્યારબાદ કલાક પછી નવ વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્ આત્મારામજી મહારાજકૃત શ્રી સત્તરભેદીની પૂજા ભણાવવામાં આવી હતી; તથા બપોરના બાર વાગે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

તે જ દિવસે સાંજે ક. ૫–૩૫ની ટ્રેનમાં દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજશ્રીની જયંતિ જેઠ શુદ ૮ બુધવારના રોજ ઉજવવાની હોઇ શ્રી સિદ્ધાચળજી (પાલીતાણા) શુમારે સાઠ સભાસદ બંધુઓ ગયા હતા.

૨ જેઠ શુદ ૮ બુધવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી **આદીશ્વર પ્રભુના મંદિરના ચોકમાં** શ્રી નવાણું પ્રકારી પૂજા બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી તથા દેવગુરૂની આંગી રચવામાં આવી હતી અને બપોરના બાર વાગે સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. એ રીતે દેવભક્તિ તથા ગુરૂભક્તિ કરવામાં આવી હતી. આ ગુરૂભકિત માટે શેઠ મણીલાલભાઇ મોતીલાલ મુળજીભાઇના તરફથી ખર્ચ કરવામાં આવેલો હતો.

---

## વીશાશ્રીમાળી નાતનો ચૂકાદો.

ॐ अर्हम् ।

ન્યાયાંભોનિધિ–જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજના પટ્ટધર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે વડોદરા વીશાશ્રીમાલીની નાતનો આપેલ ચુકાદો તેની નકલ અક્ષરશ: આ પ્રમાણે છે.

બીજા ગામોની જ્ઞાતિને ઉપયોગી હોવાથી અહીં લીધેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વંદે શ્રી વીરમાનંદમ્ ।

**શ્રી લોઢનપાર્શ્વનાથ** શહેર ડભોઇની પ્રતિષ્ઠા નિમિત્તે ડભોઇના શ્રીસંઘની પ્રાર્થનાને માન આપી અહમદાવાદ (રાજનગર)થી પ્રથમ વૈશાખ શુદિ ૬ શુક્રવાર તા. ૨૦-૪-૩૪ ના વિહાર કરી ક્રમશ: પ્રથમ વૈશાખ વદિ ૫ શુક્રવાર તા. ૪-૭-૩૪ ના દિવસે વડોદરામાં મારૂં આવવું થયું.

વડોદરાના શ્રી સંઘનો ઉત્સાહ જેવો ને તેવો પ્રથમની માફક જ અનુભવવામાં આવ્યો પરંતુ જોવા અને સાંભળવાથી કેટલીક વ્યક્તિઓનું પરસ્પર નજીવા કારણને લઇને વૈમનસ્ય પણ અનુભવાયું.

જીવોની પ્રકૃતિને લઇ હમેશાં પ્રાય: બનતું આવેલું છે કે પોતાના વૈમનસ્યનો અંતિમ ઉપયોગ ધર્મના કાર્યોમાં જ લેવાય છે, એ પ્રમાણે અત્રે પણ થોડોઘણો અનુભવ થયો. જેથી સમયાનુસાર કેટલોક યોગ્ય ઉપદેશ આપવો ઉચિત જણાયો. હર્ષની વાત છે કે થોડી ઘણી પણ ધર્મની લાગણી હોવાથી ઉપદેશ સીધા રૂપમાં પરિણમ્યો અને બન્ને વિભાગ તડવાળાઓએ પ્રાર્થનાની સાથે લખી આપ્યું કે અમારૂં સમાધાન આપ પોતાની ઇચ્છાનુસાર કરી આપો. અમને તે અક્ષરશઃ માન્ય થશે. બંને વિભાગની સમાધાનીની પ્રાર્થનાને માન આપી ધર્મકાર્યની હાનિ થતી અટકે એ ઉદેશથી બનતી તપાસ કરી, મને મારી પોતાની સમજ પ્રમાણે જે વિચારો ઉદ્‌ભવ્યા તે લખી સમગ્ર વીશાશ્રીમાળી ન્યાતના ઐક્યની ખાતર જાહેર કરવાની પોતાની ફરજ અદા કરૂં છું, અને આશા રાખું છું કે તમો બધા પોતાની પ્રતિજ્ઞાને માન આપી તેનો સાદર સ્વીકાર કરશો.

૧ શાહ ડાહ્યાભાઈ હેમચંદની તા. ૪-૬-૨૯ ની છેલ્લી અરજી આવેલી, નિર્ણય આપ્યા વગરની જોવામાં આવી છે તો તેનો નિર્ણય સમગ્ર ન્યાતે મળી જેટલો બને તેટલો જલદી આપવો યોગ્ય જણાય છે. તેમજ આશા રાખવામાં આવે છે કે અરજીમાં વાપરેલા દીનતાભર્યા શબ્દો ઉપર ખાસ ધ્યાન આપી ન્યાતે પોતાની ઉદારતા જરૂર દાખવવી ઘટે છે.

૨ શેઠ અમથાલાલની બાબત મને શંકાભરેલી લાગે છે તેમ જ તેમના વિરૂદ્ધની અરજીનોનિકાલ આવ્યો જણાતો નથી, તો સમગ્ર ન્યાતે મળી તેનો નિકાલ આણવો જોઇએ. પરંતુ આવી તુચ્છ વાતોને વધારે વજન આપવું એ હું પોતે યોગ્ય સમજતો નથી. જો આવી આવી વાતો ઉપર ન્યાત વધારે ખેંચતાણ કરે તો તેનું ફળ સારૂં આવે જ નહીં. જો હું ખરી વાતને આગળ ધરૂં તો મારા સમજવા મુજબ આખીયે ન્યાત ગુનેગાર ઠરે, કેમકે ન્યાતના રીવાજ મુજબ જે ન્યાતના ખરા ગુનેગાર જેઓને સમગ્ર ન્યાતે મળી ન્યાત બહાર કરેલા તેઓને સમગ્ર ન્યાતે એક ઠામથી ન્યાતમાં લીધા સિવાય દરેક તડવાળાએ પોતાની ઇચ્છાનુસાર પોતાપોતાના તડમાં દાખલ કરી લીધા છે એ રીતે સમગ્ર ન્યાતના હિસાબે બધાય તડવાળાઓ સમગ્ર ન્યાતના ગુનેગાર ગણાવવા જોઇએ; પણ "જમાત કરા માત" કહેવાય છે જ્યારે જેમની સાથે વ્યવહાર રાખવાથી ગુન્હો ગણાતો હતો તે ઇસમોને જ સાથે મેળવી લીધા છે તો પાછલી વાતને વધારે વજન આપવું મને યોગ્ય લાગતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ શેઠાઇ અને સ્થાન ઘણા સમયથી વંશપરંપરા ચાલી આવે છે તેમાં ફેરફાર કરવો ઉચિત જણાતા નથી, તેમ છતાં સમયને માન આપી તેમાં ઉચિત ફેરફાર કરવો એ સમગ્ર ન્યાતનું કામ છે, તો સમગ્ર ન્યાત ભેળી મળી સમયાનુસાર જે જે કાર્ય જે જે રીતિએ કરવાથી ન્યાતનો સગવડતાભર્યો નિર્વાહ થઇ જાય અને કોઇ જાતના સરકારી કાયદાનો વાંધો ન આવે તે પ્રમાણેના કમીટી-કમીટીના મેંબરો-પ્રમુખ-ઉપપ્રમુખ-વિગેરે ધારાધોરણો વિચાર-પૂર્વક નિર્ણય કરી લેવો યોગ્ય છે.

આટલી સૂચના આપી હું તમને એટલી જ ભલામણ કરવી યોગ્ય ધારૂં છું કે સમગ્ર ન્યાતના ભાઇઓ પોત-પોતાની આગલી-પાછલી સર્વ વાતોને ભૂલાવી દેઇ બધા એકઠા મળી આનંદની સાથે વાતચીત કરી એક બીજાની સાથે मिच्छामि दुक्कडं દેઇ એકદિલથી કામ કરશો તો તમારો, તમારી ન્યાતનો તમારી કુટુંબીયોનો સર્વનો ઉદ્ધાર થશે. ઇતિ ૐ શાંતિ શાંતિ શાંતિ.

વડોદરા જાની શેરી જૈન ઉપાશ્રય વીર સં. ૨૪૬૦<br>આત્મ સં. ૩૮, વિક્રમ સં. ૧૯૯૦ પ્રથમ વૈશાખ<br>વદિ ૧૪ શનિવાર. સિદ્ધિયોગ.

વલ્લભવિજય<br>૧૨-૫-૧૯૩૪

આની નકલ શ્રી આચાર્ય મહારાજની સહી સહિત ન્યાતના ચોપડામાં શેઠ અમથાભાઇએ પોતાના હાથે લખી છે તેમ જ એક નકલ જે શ્રી આચાર્ય મહારાજ સાહેબે વ્યાખ્યાનમાં વાંચી હતી તે પણ શેઠ અમથાભાઇ નાનાભાઇને આપી છે.

દા. ચરણવિજય.

## દેવલાલી હિંદુ આરોગ્ય મંદિર.

વલસાડનિવાસી સ્વ૦ શેઠ નાથાલાલ પુનમચંદ જેઓ સં. ૧૯૭૪માં ક્ષયની બીમારીથી મૃત્યુના ગ્રાસ બન્યા હતા, તેના વીલમાં લખેલ જૈન ઉપાશ્રય જૈનમંદિર ગુજરાતી શાળા લગભગ ૪૫ હજારની રકમ ખર્ચવાનો નીરધાર કરેલો. પણ તેમના ઉદાર મનવાળા ધર્મપત્ની ગં. સ્વ. શ્રી ગંગાબ્હેને એ રકમનું વ્યાજ સાથે ખરચી આજ લગી સખાવતો કરી છે. હાલમાં જ તા. ૪-૬-૩૪ ના રોજ દેવલાલી ખતે શ્રી અમૃતલાલ કાળીદાસ શેઠના પ્રમુખપણા નીચે હિન્દુ આરોગ્ય મંદિર. દેવલાલી જેવા સુંદર સ્થળે ખોલવામાં આવ્યું છે. જે સમયે જાણીતા જૈન સમાજના અગ્રહરથો તેમજ જૈનેતર કપોળ, ભાટીયા, તથા પારસી ભાઇઓની હાજરી વચ્ચે ઉદ્‌ઘાટન ક્રીયા પૂજા આદિ સાથે કરવામાં આવી હતી. આ વખતે શ્રી ફકીરચંદ કેશરીચંદ શરાફ કે જેઓ મર્હુમના સાળા છે, તેમણે મર્હુમના જીવનનો સારો પરીચય આપ્યો હતો, તેમજ આ કાર્યમાં શ્રી ગંગાબેનનો કેવો યશસ્વી ફાળો છે તે જાહેર કર્યું હતું. અન્તે પ્રમુખ મહાશયે સુંદર વિવેચન કરી જૈનોને તેમની દાનની દિશા બદલવા સુચના કરી હતી. છેવટે શ્રી સાકરચંદ ઘડીયાળી, શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલ તથા ડો. મોહનલાલ હેમચંદે પ્રાસંગિક વિવેચન કર્યું હતું. અને શેઠ કેશરીચંદ ભાણાભાઇ તરફથી એક બ્લોક બનાવવાનું જાહેર થયું હતું. ફુલતોરા અપાયા બાદ સભા વિસર્જન થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થોડી નકલો સીલીકે છે. જલ્દી મંગાવો. તૈયાર છે.

## શ્રી ભદ્રબાહુસ્વામી વિરચિત-
## સ્વોપજ્ઞ નિર્યુક્તિ સહિત.

# श्री बृहत् कल्पसूत्रम्-

(શ્રી સંઘદાસ ગણી સંકલિત ભાષ્ય અને આચાર્યશ્રી મલયગિરિ મહારાજે શરૂ કરેલ અને આચાર્યશ્રી ક્ષેમકીર્તિએ પૂર્ણ કરેલ ટીકાયુક્ત)

[પુસ્તક ૧ લું પીઠિકા]

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ પ્રવર્તકજી **શ્રી ક્રાન્તિવિજય જી**મહારાજના વિદ્વાન શિષ્ય મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને પ્રશિષ્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

મુનિઓના ધાર્મિક આચારો અને રીતરિવાજો શું છે? શા કારણથી યોજાયા? કઇ દૃષ્ટિએ મહત્ત્વના છે? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બદલાતા દીર્ઘદર્શી આચાર્યોએ સાધુ-જીવનના તથા ધાર્મિક નિયમોમાં કેવું કેવું પરિવર્તન કર્યું છે? નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતા જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેના વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે? અને તે પ્રકટ થતાં કેમ આવકારદાયક થઇ પડશે? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે.

આ સૂત્રની લિખિત પ્રતોનો પરિચય અને વિષયાનુક્રમણિકા પણ (આ સૂત્ર પ્રાકૃત તથા ભાષ્ય વગેરે સંસ્કૃત ભાષામાં હોવા છતાં) સૌ કોઇ આ ગ્રંથની મહત્ત્વતા સમજી શકે માટે ગુજરાતી ભાષામાં આપેલ છે. મહાન્ પુરૂષોની આવી સુંદર કૃતિ અને જ્ઞાનના વારસા માટે અનુપમ માન ઉત્પન્ન થાય તેવું છે.

ઉંચા ક્રોક્ષલી લેઝર પેપર ઉપર, સુંદર વિવિધ અક્ષરોથી શ્રી નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સુશોભિત કપડાનું મજબૂત બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ બાર આના. (મળવાનું સ્થળ)

**શ્રી જૈન આત્માનંદ સભા**

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૬૦. જયેષ્ઠ. આત્મ સં. ૩૯. અંક ૧૧ મો.

લોકોએ સંજોગો ઉપર વિજય મેળવવો જોઇએ અને સમજવું જોઇએ કે વધારે ને વધારે જ્ઞાનપ્રાપ્તિ એ એમની મોટામાં મોટી જરૂરિયાત છે. લોકોને પુસ્તકો ચહાતાં બનાવવા જોઈએ, આકર્ષક મહાલયો કે સુંદર ચિત્રોને નહિ, પરંતુ ગ્રંથમાંની વસ્તુને લોકો પોતાના જીવનનું એક અવિભાજ્ય અંગ ગણતા થાય એમ કરવું જોઇએ. એમ થાય તો જ પુસ્તકાલય એ જીવનના શોખની વસ્તુ નહિ રહેતાં તેના અસ્તિત્વ માટેની એક આવશ્યક ચીજ બની રહેશે.

જેવી રીતે ફળ એ ઝાડનું અંતિમ પરિણામ છે, તેવી જ રીતે જનસમાજની જ્ઞાન મેળવવાની ઇચ્છા તથા સરકાર જે મદદ તરીકે કાર્યો કરે છે તેનો તથા આવી પુસ્તકાલય જેવી સંસ્થાઓનો આખરનો ઉદ્દેશ તથા છેવટનું ફળ તે સકળ જનસમૂહનું સુખ પ્રાપ્ત કરવું તે છે. એટલે જેવી રીતે ઝાડનું સાફલ્ય ફળમાં છે, તેવી જ રીતે સરકારની તથા લોકોની તમામ પ્રવૃત્તિઓનું સાફલ્ય અખિલ સમુદાયના સુખમાં સમાયલું છે.

'વાચક ગમે તે સ્થિતિનો કાં ન હોય પણ ગ્રંથમાળ માત્રે એકે એક વાચક પ્રત્યે માયાળુ અને વિનયશીલ વર્તન રાખવાની જરૂર છે.'

પુસ્તકાલયનું કામ કરનારના દિલમાં આ સૂત્ર બરાબર કોતરાઈ રહેવું જોઈએ. પુસ્તકાલયની ફત્તેહનો આધાર તેના ઉપર જ છે.

**શ્રીમંત મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ.**

For Private And Personal Use Only